RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૩ ગુરૂવાર, તા.૧૧-૦૪-૨૦૨૪ અંક : ૨૧૪ વર્ષ : ૨૧ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

ઉમેદવારોએ પોતાની મિલકતની દરેક વિગતો જાહેર કરવી જરૂરી નથી

અરુણાચલ પ્રદેશના એક અપક્ષ ધારાસભ્યના કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારોની સંપત્તિના ખુલાસાને લઈને મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે ચૂંટણી લડતા ઉમેદવારે પોતાની માલિકીની તમામ મિલકતો જાહેર કરવી જરૂરી નથી. ઉમેદવારે માત્ર તે જ નોંધપાત્ર સંપત્તિ જાહેર કરવાની જરૂર છે જેથી મતદારો તેની આર્થિક સ્થિતિ અને જીવનશૈલીને સમજી શકે. કોર્ટે કહ્યું કે ચૂંટણી લડનારા ઉમેદવારોને ગોપનીયતાનો અધિકાર છે અને તેમણે તેમની સંપત્તિની દરેક વિગતો જાહેર કરવાની જરૂર નથી. અરુણાચલ પ્રદેશના એક અપક્ષ ધારાસભ્યના કેસમાં સુપ્રીમ કોર્ટેઆ ચુકાદો આપ્યો છે.

હકીકતમાં, ગૌહાટી હાઈકોર્ટે અરુણાચલ પ્રદેશના સ્વતંત્ર ધારાસભ્ય કરીખોન ક્રીની ચૂંટણીને અમાન્ય જાહેર કરી હતી. કરીખો ક્રીએ ૨૩ મે ૨૦૧૯ ના રોજ અરુણાચલની તેજુ વિધાનસભા બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે જીત મેળવી હતી. તેમણે તેમના ચૂંટણી એફિડેવિટમાં તેમની સંપત્તિના ઘોષણામાં તેમની પત્ની અને પુત્રના નામે ત્રણ વાહનોનો ઉલ્લેખ કર્યો નથી.

આ પછી મામલો ગૌહાટી હાઈકોર્ટ પહોંચ્યો અને તેમની ચૂંટણીને અમાન્ય જાહેર કરવામાં આવી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઉમેદવારો અને તેમના પરિવારના સભ્યોએ દરેક જંગમ મિલકતની વિગતો આપવાની જરૂર નથી સિવાય કે તે ખૂબ મૂલ્યવાન અથવા વૈભવી હોય. જસ્ટિસ અનુરુદ્ધ બોઝ અને જસ્ટિસ સંજય કુમારની ડિવિઝન બેંચે ગૌહાટી હાઈકોર્ટના નિર્ણયને ફગાવી દીધો હતો. કોર્ટે કહ્યું કે પિટિશનમાં જે વાહનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ચૂંટણી પહેલા ભેટમાં આપવામાં આવ્યો હતો અથવા તો વેચવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં, આ વાહન હવે કરીખો ક્રી પરિવારની માલિકીમાં નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે વાહનો જાહેર ન કરવાથી ચૂંટણી પરિણામો પર કોઈ ખાસ અસર પડતી નથી. ઉમેદવારની જીવનશૈલી અથવા સમૃદ્ધિ વિશે મતદારને માહિતી આપતી સંપત્તિઓ જાહેર કરવી આવશ્યક છે. તે જરૂરી નથી કે ઉમેદવાર દરેક જંગમ મિલકત જેવી કે પગરખાં, સ્ટેશનરી, કપડાં, ફર્નિચર વગેરે જાહેર કરે.

AAPના ધારાસભ્ય રાજકુમાર આનંદનું મંત્રીપદેથી રાજીનામું

રાજીનામું આપતી વખતે તેમણે પાર્ટીમાં ભ્રષ્ટાચાર અંગે સવાલો ઉઠાવ્યા

નવીદિલ્હી,

પટેલ નગરના ધારાસભ્ય રાજકુમાર આનંદે મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. ધારાસભ્ય રાજકુમાર આનંદે આમ આદમી પાર્ટીમાંથી પણ રાજીનામુ આપી દીધું છે. ધારાસભ્ય રાજકુમાર કેજરીવાલ સરકારમાં સમાજ કલ્યાણ મંત્રી તરીકે કાર્યરત હતા.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ અટકી રહી નથી. જ્યાં એક તરફ તેમનું ટોચનું નેતૃત્વ જેલના સળિયા પાછળ છે, તો બીજી તરફ તેમના સાથીઓ પણ હાથ છોડવા લાગ્યા છે. પટેલ નગરના ધારાસભ્ય રાજકુમાર આનંદે મંત્રી પદેથી રાજીનામું આપી દીધું હોવાનું સામે આવ્યું છે. રાજીનામું આપતી વખતે તેમણે પાર્ટીમાં ભ્રષ્ટાચાર અંગે સવાલો ઉઠાવ્યા છે.

દેશમાં જ્યારે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ અણ્ણા આંદોલન ચાલ્યું હતું, તે સમયે રાજકુમાર આનંદ અરવિંદ કેજરીવાલની નજીક આવ્યા હતા.

અરવિંદ કેજરીવાલને SCમાં સુનાવણી માટે રાહ જોવી પડશે

હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમમાં પડકાર્યો, સોમવાર સુધી સુનાવણી નહીં

નવીદિલ્હી,

કેજરીવાલને છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ મોટા ઝટકા લાગ્યા છે. મંગળવારે દિલ્હી હાઈકોર્ટ ધરપકડ અને કસ્ટડીને પડકારતા કેસમાં નિરાશા થઈ હતી અને ત્યાર બાદ બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં વકીલોની માગણી કરતી અરજીમાં નિરાશા હાથમાં આવી હતી. બપોરે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવા પણ કેજરીવાલને રાહ જોવી પડશે એવા સમાચાર આવ્યા. દિલ્હી ઝસ્એ હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. જોકે કેજરીવાલની અરજી પર જીઝમાં તાત્કાલિક સુનાવણી થશે નહીં.

મંગળવારે દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલની ધરપકડ અને કસ્ટડીને કાયદેસર બનાવી દીધી હતી અને તેમની દલીલોને ફગાવી દેવાની સાથે તેમની અરજી પણ ફગાવી દીધી હતી. એ બાદ બુધવારે સવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે વકીલોને લગતી કેજરીવાલની બીજી અરજી પણ ફગાવી દીધી હતી. આ અરજીમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે વકીલોને અઠવાડિયામાં ૫ વખત મળવાની માગ કરી હતી. હાલમાં કેજરીવાલ પોતાના વકીલોને અઠવાડિયામાં માત્ર બેવાર જ મળી શકે છે.

કેજરીવાલની કાનૂની ટીમે બુધવારે દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મળતી માહિતી મુજબ, કેજરીવાલે સુનાવણી માટે આવતા સપ્તાહ સુધી રાહ જોવી પડશે. સુપ્રીમ કોર્ટમાં અરજી પર તાત્કાલિક સુનાવણી થશે નહી. ગુરુવારે ઈદ, શુક્રવારે સ્થાનિક રજા અને પછી શનિવાર-રવિવારની રજાઓ છે.

છત્તીસગઢના રાયપુર દુર્ગ રોડ પર બસ ખીણમાં ખાબકતા ૧૫નાં મોત

પી.એમ. મોદીએ દુ:ખ વ્યક્ત કર્યું : મૃતકોના આશ્રિતોને ૧૦-૧૦ લાખ આપવાની ઘોષણા

રાયપુર,

છત્તીસગઢના રાયપુર-દુર્ગ રોડ પર મંગળવારે રાત્રે કર્મચારીઓથી ભરેલી બસ ૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી. આ દુર્ઘટનામાં ૧૫ કર્મચારીઓનાં મોત થયા છે, જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા છે જેમાંથી ૧૦ની હાલત ગંભીર હોય સારવાર હેઠળ છે.

મંગળવારે મોડી રાત્રે માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી. ઘાયલોને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. કલેક્ટરે અકસ્માત અંગે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. કેડિયા ડિસ્ટિલરીએ કહ્યું છે કે મૃતકોના આશ્રિતોને ૧૦-૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે, એક સભ્યને નોકરી આપવામાં આવશે અને ઘાયલોની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવામાં આવશે. તમામ ઘાયલોને એઈમ્સ, એપેક્સ, ઓમ અને અન્ય હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.આ દુર્ઘટના કુમ્હારીના ખપરી રોડ પર મુરુમ ખાણમાં થઈ હતી. કેડિયા ડિસ્ટિલરીના કર્મચારીઓ પ્લાન્ટમાંથી બસમાં પરત ફરી રહ્યા હતા. અકસ્માત સમયે બસમાં ૪૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ઘાયલોને રાયપુર રેફર કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મિડીયા પર દુ:ખ પ્રગટ કર્યુ છે.

ધો.૧૦-૧૨નું રિઝલ્ટ મહિનાના અંતમાં

એક મહિનો વહેલું પરિણામ આવશે : પેપર ચકાસણીની કામગીરી આજે પૂર્ણ, આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે

નવીદિલ્હી,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ છે. ત્યારે પેપર ચકાસણીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી આજે પૂર્ણ થશે. પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં હવે પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાશે. એપ્રિલ અંત સુધીમાં તમામ પરિણામ જાહેર કરવામાં આવશે. મહત્વનું છે કે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ સામાન્ય કરતાં એક મહિના જેટલો સમય વહેલા જાહેર કરવામાં આવશે.

૧૧ માર્ચથી ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષા માર્ચ મહિનાના અંત સુધીમાં ચાલી હતી. પરીક્ષાની સાથે જ શિક્ષકોના મધ્યસ્થન મૂલ્યાંકન માટેના ઓર્ડર આવ્યા હતા. શિક્ષકોએ પેપર ચકાસવાની કામગીરી પણ પરીક્ષા સાથે જ શરૂ કરી હતી. પરીક્ષા પૂર્ણ થતાં પરીક્ષા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો પણ મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા હતા. આજના દિવસમાં સમગ્ર રાજયભરમાં પેપર ચકાસણીની કામગીરી પૂર્ણ થશે. ત્યાર બાદ બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવામાં આવશે.

મહત્વનું છે કે, અત્યાર સુધી ગુજરાત બોર્ડના પરિણામ મે મહીનાના અંતમાં અથવા જૂન મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ આ વર્ષે ચૂંટણીના કારણે પરિણામ એક મહિના જેટલો સમય વહેલા જાહેર કરવામાં આવશે. તબક્કાવાર ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર થશે. પરિણામ વહેલા જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓના આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે.

દારૂ ઢીંચી નબીરાએ પાંચને ઉડાવતા વૃદ્ધાનું મોત, ૮ વર્ષનું બાળક ગંભીર

સુરતના સરથાણામાં બની ઘટના : નશામાં બ્રેકની જગ્યાએ એક્સીલેટર દબાવી દિધું

સુરત,

સુરતના સરથાણા વિસ્તારમાં નશામાં ચૂર કારચાલક જિતેન્દ્ર માલવિયાએ રિક્ષા, બાઈક અને ત્રણ રાહદારીને અડફેટે લીધા હતા. જેમાં વૃદ્ધાનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત ૮ વર્ષના બાળકને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. સરથાણા પોલીસે સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી કારચાલક સહિત બેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કારચાલક નબીરાએ કારમાં જ દારૂ ઢીંચી નશો કરી મિત્રને મૂકવા જતો હોવાનું અને બ્રેકની જગ્યાએ એક્સીલેટર દબાવ્યાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. જોકે, આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

ઘટના અંગે મળતી માહિતી મુજબ, સરથાણા જકાતનાકા પાસે રહેતા ૬૫ વર્ષીય ગૌરીબેન જીવરાજ ધોળકિયા મંગળવારે સાંજે સરથાણા જકાતનાકા સ્વસ્તિક ટાવર પાસેથી પસાર થતા હતા તે વખતે નશામાં ચૂર કારચાલકે અડફેટે લીધા હતા. જેમાં કારચાલકે વૃદ્ધ ગૌરીબેન, રિક્ષા અને બાઈક સહિત પાંચને ટક્કર મારી હતી.

અકસ્માતને પગલે વૃદ્ધા અને ૮ વર્ષીય બાહુ રવજી રાજપુતિયાને ગંભીર ઈજા પહોંચી હતી.

૨૦૪૦ના દાયકાની શરૂઆતમાં ચંદ્રની સપાટી પર મનુષ્યને ઉતારવાનું દેશનું લક્ષ્ય નક્કી

નવીદિલ્હી,

એસ. સોમનાથને કહ્યું, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૪૦ના દાયકાની શરૂઆતમાં ચંદ્રની સપાટી પર મનુષ્યને ઉતારવાનું દેશનું લક્ષ્ય નક્કી કર્યું છે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના વડા એસ સોમનાથે ચંદ્રયાન-૪ને લઈને અપડેટ આપ્યું છે. વાત જાણે એમ છે કે, એસ સોમનાથે કહ્યું છે કે, આ મિશન વિકાસની પ્રક્રિયામાં છે. અવકાશ સંશોધન એક સતત પ્રક્રિયા છે અને દેશ ઝડપથી પ્રગતિના માર્ગ પર છે. સોમનાથે સતપાલ મિત્તલ સ્કૂલના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પત્રકારોને આ વાત કહી હતી. ડૉ.સોમનાથે કહ્યું કે ISRO તેના ચંદ્ર મિશન માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૪૦ના દાયકાની શરૂઆતમાં ચંદ્રની સપાટી પર મનુષ્યને ઉતારવાનું દેશનું લક્ષ્ય નક્કી કર્યું છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું હતું.

ભારતની ચંદ્રયાન-૩ મિશન ટીમને અવકાશ સંશોધન માટે પ્રતિષ્ઠિત ૨૦૨૪નો જ્હોન એલ. જેક સ્વિગર્ટ જુનિયર એવોર્ડ મળ્યો છે. કોલોરાડોમાં વાર્ષિક સ્પેસ સિમ્પોસિયમના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન સોમવારે ઇસરો વતી હ્યુસ્ટનમાં ભારતના કોન્સલ જનરલ ડીસી મંજુનાથને એવોર્ડ મળ્યો હતો. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ રાષ્ટ્ર તરીકે ઇસરો દ્વારા વિકસિત મિશન ચંદ્રયાન-૩ માનવતાની અવકાશ સંશોધન આકાંક્ષાઓને સમજણ અને સહયોગ માટે નવા ક્ષેત્રો સુધી વિસ્તરે છે.સ્પેસ ફાઉન્ડેશનના CEO હીથર પ્રિંગલે જાન્યુઆરીમાં એવોર્ડની જાહેરાત કરવામાં આવી ત્યારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અવકાશમાં ભારતનું નેતૃત્વ વિશ્વ માટે એક પ્રેરણા છે. અવકાશ સંશોધનનું સ્તર ફરી ઊંચું થયું છે. તેમનું અદ્ભુત મૂન લેન્ડિંગ આપણા બધા માટે એક નમૂનો છે.

અભિનંદન અને તમે આગળ શું કરશો તે જોવા માટે અમે રાહ જોઈ શકતા નથી! ગયા વર્ષે ઓગસ્ટમાં ભારતે મિશન ચંદ્રયાન-૩ હેઠળ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક 'સોફ્ટ લેન્ડિંગ' કરીને ઈતિહાસ રચ્યો હતો અને ચંદ્રના આ પ્રદેશ પર ઉતરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.

૨૧ વર્ષ બાદ ખોલાયા રામ મંદિરના દરવાજા

નક્સલવાદીઓએ કરાવ્યા હતા બંધ : મંદિરના દરવાજા ખોલવામાં આવતા લોકોમાં આનંદ

સુકમા,

છત્તીસગઢમાં નક્સલીઓના ત્રાસનો સામનો કરી રહેલા સુકમા જિલ્લામાં ગ્રામીણો ૨૧ વર્ષથી રામ મંદિર ના દરવાજા ખોલવાની રાહ જોઈ રહ્યાં હતાં. અહી નક્સલવાદીઓના ફરમાન બાદ મંદિરમાં પૂજા પાઠ બંધ કરી દેવામાં આવ્યાં હતાં. નક્સલવાદીઓના ફરમાન બાદ બંધ પડેલા આ મંદિરને સીઆપીએફના જવાનો દ્વારા ખોલવામાં આવ્યાં છે. છત્તીસગઢના સુકમા જિલ્લાના નક્સલવાદીઓથી પ્રભાવિત લખાપાલ અને કેરલાપેંદા ગામમાં લગભગ પાંચ દાયકા પહેલા રામ, સીતા અને લક્ષ્મણજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પરંતુ ધીમે-ધીમે નક્સલવાદના વધતા ત્રાસને કારણે ૨૦૦૩માં રામ મંદિરની પૂજા બંધ કરી દેવામાં આવી અને પછી દરવાજા સંપૂર્ણપણે બંધ રહ્યા. કહેવાય છે કે મંદિરની સ્થાપના બાદ સમગ્ર વિસ્તાર અને આખું ગામ શ્રી રામના ભક્ત બની ગયા હતા. લગભગ આખા ગામના ગ્રામજનોએ કંઠી પહેરી હતી. સૌથી મોટી વાત એ છે કે કંઠી પહેર્યા પછી ભક્ત ન તો માંસ ખાઈ શકે છે અને ન તો શરાબનું સેવન કરી શકે છે.

નક્સલવાદીઓના ફરમાન બાદ બંધ પડેલા આ મંદિરને સીઆપીએફના જવાનો દ્વારા ખોલવામાં આવ્યાં છે.

અત્યારે તેના વીડિયો પણ વાયરલ થઈ રહ્યાં છે. નોંધનીય છે કે, આ મંદિર ફરી ખોલવામાં આવતા લોકોમાં ભારે ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો આ મંદિરના દરવાજા ખોલવામાં આવતા લોકોમાં એક દેશ પ્રત્યે વિશ્વાસ જાગશે. દરવાજા ખોલ્યા બાદ અધિકારીઓ અને જવાનોએ ગ્રામજનો સાથે મળીને મંદિરની સફાઈ કરાવી. આ પૂજામાં ગામના મોટા ભાગના સ્ત્રી-પુરુષોએ ભાગ લીધો હતો. પૂજા આરતી બાદ પ્રસાદનો પણ વહેચવામાં આવ્યો હતો. ગ્રામજનોએ આ કાર્ય માટે CRPF ૭૪મી કોર્પ્સનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

તાલાલાના માધુપુર ગીર ગામ પાસેથી ૯૫૦ ગ્રામ ગાંજા સાથે બે ઝડપાયા

સાસણથી કોડીનાર ડિલેવરી આપવા જતાં હોવાનું ખુલ્યું

તાલાલા ગીરઃ તાલાલા તાલુકાના માધુપુર ગીર ગામ પાસેથી ગાંજા સાથે બે શખ્શો ઝડપાયા હતા. પોલીસે ૯૫૦ ગ્રામ ગાંજો,મોટરસાયકલ સાથે કુલ રૂ.૫ર હજાર ૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગાંજાની સપ્લાય કરનાર તથા મંગાવનાર શખ્સો સામે પણ ગુનો દાખલ કરાયો છે.તાલાલા સી.પી.આઈ રીનાબા જાડેજા તથા પી.એસ.આઈ આકાશસિંહ સિંધવ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા.આ દરમિયાન ધાવા ગીર બાજુથી માધુપુર ગીર ગામ તરફ આવતી મોટરસાયકલ ને માધુપુર ચોકડી પાસે ચેકીંગ કરતા મોટરસાયકલ ઉપર આવી રહેલ બંને શખ્શો પાસેથી ગાંજો નીકળતા પોલીસે તોફીક હનીફ બ્લોચ તથા દિપક જીવરાજ મકવાણા (રે.બંને સાસણ ગીર)ની ૯૫૦ ગ્રામ ગાંજો તથા મોટરસાયકલ અને બે મોબાઇલ મળી કુલ રૂ.૫ર હજાર ૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસની પૂછપરછ દરમ્યાન ગાંજો સાસણ ગીરના શખ્શ દિનેશ કાંતિ અંસારી રે.સાસણ ગીર પાસેથી ખરીદી કોડીનાર નાં શખ્શ સોયબખાન હુસેનખાન પઠાણ ને આપવા બંને શખ્શો જતા હોવાનું જણાવ્યું હતું.પોલીસે ગાંજો સપ્લાય કરનાર તથા ગાંજો મગાવનાર બંને શખ્સો સામે પણ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

દારૂના ૩૭ ગુનામાં સંડોવાયેલા શખ્સ દેલવાડા રોડ પરથી ઝબ્બે

ઊનાઃઊનાના દેલવાડા-અહેમદપુર માંડવી જતા રોડ ઉપર નગીનાના ઢોરા પાસે કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા ગામનો શખ્સ વિરુધ દારૂ સપ્લાય કરવાના ગુન્હામા રાજયના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાયેલ હતી.આ આરોપીને જીલ્લા એલ.સી.બી એઆરોપીને પકડી વધુ આગળની તપાસ શરૂ કરી કાર્યવાહી હાથ ધરેલ છે.ગીર સોમનાથ જિલ્લાના પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની સૂચનાથી વિવિધ ગુનાઓમા પકડવા ના બાકી આરોપીઓને પકડવા ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચેના ઇન્ચાર્જ પી આઈ. જાડેજા,પી. એસ આઈ.એ.બી. વોરા, પેરોલ ફર્લો સ્કવોર્ડના એ.એસ.આઈ. સુભાષ ચાવડા, પ્રવીણ મોરી, રાજુભાઈ ગઢીયા, ઉના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.ત્યારે દેલવાડા અહેમદપુર માંડવી જતા રોડ ઉપર નગીનાના ઢોરા પાસે દીવ પ્રદેશના ઘોઘલા ગામના ધર્મેન્દ્ર ઉર્ફે ધમો જેઠાભાઈ બારીયાને ગીર સોમનાથ જિલ્લા એલ સી બી બ્રાન્ચે પકડી લીધો હતો.આ આરોપી ગુજરાત રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનમા પ્રોહિબીસનના ૩૭થી વધુ ગુનાઓ નોંધાયા હતા. તેની સામે દારૂ સપ્લાય કરવાનો ગુનો દાખલ થયેલ હતો. પોલીસે આરોપીને પકડી વધુ તપાસ શરૂ કરી છે.

રિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત, બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત

જુનાગઢઃ

જુનાગઢ સોમનાથ હાઈવે પર શાપુર ચોકડી નજીક રીક્ષા અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો.જેમાં રીક્ષા ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. અકસ્માત થતા હાઈવે રોડ પર લોકોના ટોળા એકત્રિત થયા હતા. ત્યારે અકસ્માતની જાણ થતા વંથલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.આ અકસ્માતમાં જુનાગઢના મજેવડી પાસે રહેતા રિયાઝ વલીભાઈ સુમરા નામનો યુવાન



પોતાના મિત્ર મહેશ કાંતિ ચૌહાણ સાથે વંથલી તરફ જઈ રહ્યો હતા. તે સમયે રિક્ષાચાલક યાસીન દાદભાઈ સિપાઈ અચાનક જ શાહપુર ચોકડી નજીક ટર્ન મારતા બાઈક ચાલકને અડફેટે લીધો હતો.જેમાં રિયાઝને રીક્ષાની ઠોકર લાગતા રિયાઝ અને તેનો મિત્ર બાઈક સાથે રસ્તા પર પડ્યા હતો. રિયાઝ સુમરા નામના યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. જયારે તેના સાથી મિત્ર મહેશ ચૌહાણ ઈજાગ્રસ્ત થયો હતો. સમગ્ર ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.ઈજાગ્રસ્ત મહેશ ચૌહાણ અને રીક્ષા ચાલક યાસીન સિપાઈને સૌ પ્રથમ વંથલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જયા પ્રાથમિક સારવાર આપ્યા બાદ ઈજાગ્રસ્તોને જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.આ સમગ્ર ઘટનાના મામલે વંથલી પોલીસે તપાસ શરૂ કરી છે

સોમનાથ તીર્થમાં ભગવાન શ્રી કૃષ્ણના નિજધામ ગમન દિવસની ભક્તિભાવપૂર્વક આધ્યાત્મિક ઉજવણી

શ્રીકૃષ્ણ ચરણપાદુકા પૂજન, ગૌ-પુજન, ધ્વજા પૂજા, વૃક્ષારોપણ, ગીતા પાઠ, વિષ્ણુયાગ, સમુહ આરતી, બ્રહ્મ ભોજન સહિત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયા

સોમનાથઃ

સોમનાથ ક્ષેત્ર જપ અને તપની ભૂમિ છે. આ ભૂમિ પર દરેક ચિંતા થી મુક્તિ મળે છે. એટલે જગતગુરુ શ્રી કૃષ્ણએ પોતાના વૈકુંઠ મહાપ્રયાણ માટે આ પવિત્ર ભૂમિને પસંદ કરી હતી. ગોલોક ધામ એ જ પાવન ભૂમી છે. જ્યાં શ્રી કૃષ્ણની ચરણરજ આ દિવ્ય સ્થાન માં સમાયેલ છે. જેથી જ પ્રભાસની ભૂમીને હરિ-હર ભૂમી કહેવાય છે, જયા ભગવાન શિવ પ્રથમ જ્યોતિર્લિંગ સ્વરૂપે અવતરીત થયા અને શ્રી કૃષ્ણએ સ્વધામ માટે આ ભૂમી પર થી પ્રયાણ કર્યું.

ગોલોક ધામ ભૂમી પર પરિવ્રાજક સ્વામી શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીએ ચાતુર્માસ કરેલ અને આ પાવન ભૂમી ખાતે શ્રી કૃષ્ણના સ્વધામ ગમન દિવસની શાસ્ત્રોક્ત અને જ્યોતિષ દ્રષ્ટીએ કાલગણના કરી હતી. જે પ્રમાણે ભગવાન શ્રી કૃષ્ણ એ ચૈત્ર શુક્લ પ્રતિપદા ના પાવન દિવસે બપોરના ૨ કલાક ૨૭ મીનીટ એને ૩૦ સેકન્ડ ના સમયે પૃથ્વીલોક થી સ્વધામ ગમન કરેલ હતું.આજરોજ આ પાવન દિવસે ગોલોકધામ દિન નીમીત્તે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગોલોકધામ ખાતે નુતન ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતું, શ્રીકૃષ્ણ ને પ્રિય એવી ગૌમાતા નુ પુજન કરવામાં આવ્યું હતું. તેમજ બપોરના ૨ કલાક ૨૭ મીનીટ અને ૩૦ સેકન્ડના સમયે ભગવાન શ્રી કૃષ્ણએ પૃથ્વીલોક પરથી ગોલોકધામ ની ભૂમીથી સ્વધામ ગમન કરેલ એ જ ક્ષણે શ્રી કૃષ્ણની ચરણપાદુકાનું પુજન કરવામાં આવ્યું હતું, સાથે શંખનાદ, બાંસુરીવાદન જયઘોષ કરવામાં આવેલ આ ક્ષણે વાતાવરણ શ્રીકૃષ્ણના હરિ નામ રટણમાં લીન થયું હતું.ગીતા મંદિર ખાતે સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના છાત્રો તેમજ સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિ કુમારો દ્વારા ગીતાજી પાઠ કરવામાં આવ્યા હતા. યજમાનશ્રી વેજાણંદભાઇ વાળા પરીવાર દ્વારા વિષ્ણુયાગ યજ્ઞ કરવામાં આવ્યો હતો. સાથેજ સંસ્કારભારતી દ્વારા ગોલોકધામ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ, સાંજે ભગવાન શ્રી કૃષ્ણની પાદુકાજીની મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા . જેમા ટ્રસ્ટ પરિવાર તથા અધિકારીઓ કર્મચારીઓ, ભક્તો સહિત યજ્ઞ યજમાન શ્રી વેજાણંદભાઇ વાળા પરિવાર તેમજ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા.

પ્રાચીથી ઉના અને કોડીનારથી દીવ સુધીના મતવિસ્તારોમાં કલેકટરની ફ્લેગ માર્ચ સાથે મેરેથોન મતદાર જાગૃતિ યાત્રા

ઉનાઃ

આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે લોકોમાં મતદાન વિશેની જાગૃતિ ફેલાવવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વ્યાપક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તેના ભાગરૂપે જિલ્લા કલેકટર શ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા આજે પ્રાચી થી ઉના, અને કોડીનાર થી દીવ સુધીના સુધીના વિવિધ મતવિસ્તારોમાં મેરેથોન મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના નેતૃત્વ આજે સવારથી માંડીને સાંજ સુધી પ્રાચી થી પ્રાંસલી, ઉના, કોડીનાર અને દીવ સુધીના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન જાગૃતિના બેનર્સ સાથેની પગપાળા મતદાર જાગૃતિ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મહિલા શક્તિ આ ચૂંટણીમાં મતદાન કરવા આગળ આવી વધુને વધુ મતદાન કરે તે માટે અપીલ કરી હતી. તેમણે ચૂંટણીમાં એક વોટની પણ કેટલી કિંમત હોય છે તે વિશે જણાવી લોકશાહીમાં મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિકો કોઈ પણ પ્રકારના ભય વગર નિર્ભિક થઈને વોટ આપવા માટે આગળ આવે તે માટે પણ તેમણે અનુરોધ કર્યો હતો.

કલેકટરશ્રીએ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને વિવિધ સંવેદનશીલ બુથ ધરાવતાં મતદાન મથક પર જઈને ચૂંટણીલક્ષી સમગ્રતયા વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરીને ઉપસ્થિત બ્લોક લેવલ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.કલેક્ટરશ્રીએ વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરીને નાગરિકો વધુને વધુ મતદાન માટે આગળ આવે અને લોકશાહીના આ તહેવારની ખરા અર્થમાં ઉજવણી સાર્થક કરે તે માટે સેલ્ફી સ્ટેન્ડ પર સેલ્ફી લઈને તેમજ સિગ્નેચર કેમ્પેઈનમાં સાઈન કરીને મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવ્યો હતો.

કલેકટરશ્રીએ રેલી દરમિયાન રસ્તામાં શાકભાજીના વેપારીઓને મતદાન જાગૃતિનો સંદેશો લખેલી કાપડની થેલીઓનું વિતરણ કરીને ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થવા માટે અનુરોધ પણ કર્યો હતો.

આ મતદાર જાગૃતિ રેલીમાં જિલ્લા પોલીસ વડા શ્રી મનોહરસિંહ જાડેજા, અધિક નિવાસી કલેકટર શ્રી રાજેશ આલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એન.એમ. તરખાલા, પ્રાંત અધિકારી શ્રી ચિરાગ હિરવાણીયા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એન.બી મોદી, ડેપ્યુટી કલેકટર શ્રી ભૂમિકા વાટલીયા, ઉના ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી એમ. એફ. ચૌધરી, મામલતદારશ્રીઓ, અધિકારીઓ, પોલીસ તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ તથા ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

SVEEP અને TIP અન્વયે ચલાલા અને રાજુલામાં "યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ" યોજાયો

અમરેલીઃ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદાન અંગેની જાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જિલ્લાના ધારી તાલુકાના ચલાલા સ્થિત મહિલા કોલેજ ખાતે મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. ખર્ચ તેમજ્ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અને માર્ગદર્શન અન્વયે યોજાયેલ "યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ" માં વિદ્યાર્થીનિઓને ચૂંટણી પ્રક્રિયા, મતદાન, મતદાનના મહત્વ અને મતાધિકાર એ ફરજ અને અધિકાર એ વિશેની સમજ અને માર્ગદર્શન ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં પોતાના મતાધિકાર વિશે તેમને જાગૃત્ત કરવામાં આવ્યા હતા. ચૂંટણીલક્ષી મતદાતા જાગૃત્તિ કાર્યક્રમની આ કામગીરીમાં કોલેજના શિલ્પી ડો.રતિદાદા તેમજ પ્રિન્સિપાલ શીતલબેન મહેતાએ વિશેષ સહયોગ પૂરો પાડ્યો હતો.

રાજુલા સ્થિત મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખાતે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદાન અંગેની જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ દ્વારા કોલેજના વિદ્યાર્થીનિઓને ચૂંટણી અને ચૂંટણીલક્ષી કામગીરી બાબતે માર્ગદર્શન આપી, મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

પાલિતાણા અને મહુવા ખાતે સાત દિવસીય વિપશ્યના શિબિરનું નિઃશુલ્ક આયોજન

નવિન જોષી ઊનાઃ

વહેલા તે પહેલાં ના ધોરણે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે

આગામી તા. ૧૭/૪ થી ૨૫/૪ ના રોજ ૧૫ થી ૧૯ વર્ષ ના તરુણો માટે વિશેષ શિબિર નું આયોજન કરવામાં આવેલ છે. પાલીતાણા વિપશ્યના કેન્દ્ર-'ધમ્મપાલી' ખાતે કિશોરીઓ માટે તેમજ મહુવા વિપશ્યના કેન્દ્ર-'ધમ્મજળાશય' ખાતે કિશોરો માટે સાત દિવસીય નિવાસી શિબિર નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ છે. આજનું યુવાધન જ્યારે સોશિયલ મીડિયા માં ગળાડૂબ થઇ પોતાની સાચી દિશા નક્કી કરવામાં અસમર્થ થતું જાય છે અને મૂંઝાયેલા માબાપ પણ માર્ગ ઝંખે છે કે જેનાથી તેમનું સંતાન મન ની દિશા અને દશા ને સાચા રસ્તે વાળી શકે. વર્તમાન સમય માં આ અને આવી બીજી અનેક સમસ્યાઓનું સમાધાન કરનારી પદ્ધતિ એટલે વિપશ્યના. આ ધ્યાન પદ્ધતિથી આબાલવૃદ્ધ સૌ કોઈ ને ભૂતકાળમાં અને વર્તમાનમાં નોંધપાત્ર લાભ થયા છે. આપણા નજીકના ક્ષેત્રમાં થનારી આ શિબિર નો લાભ આપનાં પરિચિત તરુણો ને ચોક્કસ લેવડાવીએ. વધુ માહિતી માટે ઉપર બારકોડ આપેલ છે જેને સ્કેન કરવાથી વધુ માહિતી તેમજ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે વધુ માહિતી માટે ૭૦૧૬૩૪૪૩૦૦ પર સંપર્ક કરવા અખબારી યાદી મા જણાવેલ છે.

અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા મોટર કાર અને ટ્રેક્ટર માટેની નવી સિરીઝ માટે ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલીઃ અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટર કાર અને ટ્રેક્ટર વાહનો માટેની નવી સિરીઝ જ્ત્ર ૧૪ મ્ ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૧.૦૬.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા થી તા.૦૩.૦૬.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા.૦૩.૦૬.૨૦૨૪ થી તા.૦૫.૦૬.૨૦૨૪ સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૫.૦૬.૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂ કવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે.

હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

રિપેરીંગને લઈ હિરણ -૨ ડેમના ૨ દરવાજા ખોલાયા, ઉનાળે નદી વહી

જુનાગઢઃવેરાવળ સોમનાથ પ્રભાસ પાટણ ને પીવા નુ પાણી પુરૂ પાડતા હિરણ ૨ ડેમ ના બે દરવાજા ખોલતા નદીમક ભર ઉનાળે પુર આવ્યું હતું. અને હિરણ નદી મા વર્ષો પછી ઉનાળામાં પાણી છોડવામાં આવેલ છે અને નદી મા પાણી આવતા કાજલી સોનારીયા નાવદ્રા સહિત આજુબાજુના ગામો ને સિંચાઈ માટે ફાયદો થશે ઉમરેઠી ગામ પાસે આવેલ હિરણ-૨ ડેમનાં દરવાજા બદલવાનું કામ યાંત્રિક વિભાગ દ્વારા હાથ ધરવામા આવી છે.જેથી દરવાજા ખોલવાની ફરજ પડી હતી.અધિકારી પીઠીયા એ જણાવ્યું હતું કે આ ડેમ બન્યા બાદ ૧૯૮૨ મા પ્રથમવાર ભરાયો હતો અને ત્યારબાદ આ ડેમ ના દરવાજા બદલવા આવેલ નથી અને લાંબા સમય થતાં આ દરવાજા ધીમે ધીમે ડેમેજ થયા હોય જેથી બદલવા જરૂરી હતા

સોમનાથમાં સૂર્યાસ્ત થી સૂર્યોદય સુધી સતત કલા સાધના કરવામાં આવી

સોમનાથ પ્રોમોનેડ વોકવે થી લઈ શ્રી રામ મંદિર સુધી ઢોલ શરણાઈના નાદ સાથે કળા યાત્રા નીકળી

સોમનાથઃપ્રથમ જ્યોતિર્લિંગ દેવાથી દેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રીકૃષ્ણ નીજધામ ગમન તિથિને ભક્તિ ભાવપૂર્ણ માહોલમાં ઉજવવામાં આવી રહી છે ત્યારે સમગ્ર ભારતમાં કલા અને સાહિત્યનું સંવર્ધન કરનારી "સંસ્કાર ભારતી" સંસ્થા દ્વારા સોમનાથ ટ્રસ્ટના સહયોગથી સોમનાથ ખાતે પ્રભાતોત્સવના નામથી સંસ્કૃતિ અને કલા પ્રસ્તુત કરી પૂર્ણ પુરુષોત્તમ યોગેશ્વર શ્રીકૃષ્ણ અને દેવાધિદેવ સોમનાથ મહાદેવની કલા સાધના કરવામાં આવી. ચૈત્ર માસની એકમ એટલેકે પ્રતિપદાથી હિન્દુ વર્ષનો પ્રારંભ થતો હોય છે. ત્યારે ભારતના અનેકવિધ રાજ્યની વૈવિધ્યસભર સંસ્કૃતિ સોમનાથના શ્રી રામ મંદિર ઓડિટોરિયમ ખાતે પ્રસ્તુત કરવામાં આવી હતી.

સોમનાથ પ્રોમોનેડ વોકવે થી લઈ શ્રી રામ મંદિર સુધી ઢોલ શરણાઈના નાદ સાથે કળા યાત્રા નીકળી હતી અને ૩૬૫ કલાકારો સહિત આયોજકો શ્રી રામ મંદિર ઓડિટોરિયમ પહોંચ્યા હતા. આ કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ગીર સોમનાથ જીલ્લા કલેકટર શ્રી ડી ડી જાડેજા, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના આચાર્ય શ્રી નરેન્દ્રભાઈ પંડ્યા, સહિત ગીર સોમનાથ અધિક કલેકટર શ્રી રાજેશ આલ, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા, અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ તકે મહાનુભાવો દ્વારા વ્યક્તિ માત્રના જીવનમાં કલા, સંગીત અને સંસ્કૃતિના મહત્વ વિશે ઉદબોધન કરવામાં આવેલ અને કલા ની અનિવાર્યતા વિશે સૌને માહિતી આપવામાં આવેલ.

ઉમેદવાર ટિકિટ મળે એટલે વેરાવળના કામનાથ મહાદેવના આશીર્વાદ લીધા પછીજ પ્રચાર ચાલુ કરે છે

વેરાવળઃભારતીય જનતા પાર્ટી ના ૧૩જૂનાગઢ લોકસભાના ઉમેદવાર શ્રી રાજેશભાઈ ચુડાસમા કામનાથ મહાદેવ ને જલ અભિષેક કરી ત્યારબાદ વેરાવળ સમસ્ત ખારવા સમાજ ના પટેલશ્રી જીતુભાઇ કુહાડા અને અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ કુહાડા તથા તમામ આગેવાનો દ્વારા રાજેશભાઈ ચુડાસમા ને ફૂલ હાર થી સ્વાગત કરી ને જાહેર ટેકો આપવામાં આવીયો હતો વેરાવળ સમસ્ત ખારવા ના લોકો ને જાણ કરેલ કે આજ થી ભાજપ ના કામે લાગી જાઓ અને રાજેશભાઈ ચુડાસમા ને પાંચ લાખ મત ની જંગી લીડ થી જીતાડવા નો છે તેવી હાકલ પટેલ શ્રી જીતુભાઈ મોહનભાઈ કુહાડા અને અધ્યક્ષ શ્રી કિશોરભાઈ મોહન ભાઈ કુહાડા એ કરેલ સાથે આ પ્રસંગે જુનાગઢ લોકસભાના ઉમેદવાર શ્રી રાજેશભાઈ ચુડાસમા ને આ પ્રસંગે વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ શ્રી અને વેરાવળ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજના પ્રમુખ શ્રી જીતુભાઈ કુહાડા, અખિલ ગુજરાત મચ્છીમાર મહામંડળ ના પ્રમુખશ્રી અને વેરાવળ સમજતા ખારવા સમાજના અધ્યક્ષ શ્રી કિશોરભાઈ મોહનભાઈ કુહાડા, ખારવા

સમાજના ઉપ પટેલ બાબુભાઈ આગિયા વેરાવળ લોઢી સમાજ ના પ્રમુખશ્રી હીરાભાઈ વધાવી, ખારવા સમાજના મંત્રી નારણભાઈ બાંડિયા ગીર સોમનાથ જિલ્લા ભાજપ સંયોજક પૃથ્વી ભાઈ ફોફંડી, ગીર સોમનાથ જિલ્લા ભાજપ રમત ગમતના સંયોજક વિમલભાઈ ફોફડી, વેરાવળ સમસ્ત ખારવા સમાજ ના તમામ પંચપટેલ શ્રીઓ, આગેવાન શ્રીઓ હારતોરા કરી અને સંકલ્પ કર્યો કે દરિયા પટ્ટી પર વસતા તમામ ખારવા સમાજ ના લોકો ને ભારતીય જનતા પાર્ટી માટે કામે લાગી જવા માટે આહવાન કરેલતેની અખબારી યાદી વેરાવળ સમસ્ત ખારવા સમાજ ના મંત્રી શ્રી નારણભાઈ જણાવે છે

ખાનગી સિમેન્ટ કંપનીના પાવર પ્લાન્ટમાં અકસ્માતઃ એકનું મોત, એક ઘાયલ

કોડીનારઃકોડીનારમાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીના પાવર પ્લાન્ટમાં કામગીરી કરી રહેલા બે વ્યક્તિને અકસ્માતમાં ફેન ચાલુ થતાની ઘટનામાં એકનું ઘટનાસ્થળે મોત નીપજયું હતું. જયારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માતની ઘટનામાં મૃતક યુવાનના મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.કોડીનારમાં ખાનગી સિમેન્ટ કંપનીના પાવર પ્લાન્ટમાં કામ કરતા બે યુવાનોનો પ્લાન્ટમાં ફેન ચાલુ થતા અકસ્માત થયો હતો. આ ઘટનામાં એકનું મોત થયું હતું. યુવાનના મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે અન્ય એક યુવાનને ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જોકે સિમેન્ટ કંપનીના પ્લાન્ટમાં ફેન ચાલુ થતા આ ઘટના બની હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળેલું છે.

રાજકોટના ખોખડદડ પાસે કારખાનામાંથી થયેલી ચોરીનો ભેદ એલસીબી ઝોન-૧ ટીમે ઉકેલ્યો

વાહનના હપ્તા ચૂકવવા બે સગા ભાઈ સહિત છની ટોળકીએ કુલ રૂા.૧૧.૪૧ લાખ મતા ચોરી હતી : ધરપકડ

રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારીયા નજીક ખોખડદળ નદીના પુલ પાસે એન.બી. ઈન્ડસ્ટ્રીઝ શેરી નં.૧માં આવેલા રાજપૂત ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં પરમદિવસે રાત્રે ત્રાટકેલા તસ્કરો મેટલ અને સ્ટીલનો સામાન ઉપરાંત બે લેપટોપ મળી કુલ રૂા.૧૧.૪૧ લાખનો મુદ્દામાલ ચોરી ગયા હતાં. આ મામલે આજીડેમ પોલીસમાં ગુનો નોંધાયાના બે કલાકમાં જ એલસીબી ઝોન-૧ની ટીમે બાતમીને આધારે ચાર તસ્કતરોને દબોચી લીધા છે. જેમાં બે સગા ભાઈ અને બે સગીર છે. જાણવા મળ્યે ામુજબ મુળ રાજસ્થાનના અને હાલ કોઠારીયા સાંઈબાબા સર્કલ પાસે પવિત્ર એપાર્ટમેન્ટમાં રહેતાં ગોપાલસિંહ ભાટી (ઉ.વ.૪૦)એ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે તેની સાથે કારખાનામાં કળણાલભાઈ જેન્તી ભાઈ વઘાસીયા પાર્ટનર છે. કારખાનામાં મેરેબલ મેટલના હેન્ડલ બનાવે છે. કારખાનાની ઉપર અસલમ ખાન નામનો શ્રમિક રહે છે. અસલમ ખાને કારખાનામાં ચોરી થયાની જાણ કરતાં પાર્ટનર સાથે તત્કારળ ત્યાંમ પહોંચી ગયા હતા. જોયું તો શટરનું તાળું તુટેલું જોવા મળ્યું હતું. શટર ઉંચુ કરી અંદર પ્રવેશેલા તસ્કરો મેરેબલ મેટલનો ૧૩૦૦ કિલો કાચો સામાન અને સ્ટીલનો સામાન ચોરી કરી ગયા હતા. આ ઉપરાંત ઓફિસના ટેબલ પર પડેલા બે લેપટોપ પણ ચોરી કર્યા હતા.

બાદ પોલીસે તપાસમાં ચોક્કસ બાતમી આધારે નિલેશ લાખાભાઈ બલીયા (ઉ.વ.૨૧) અને તેના ભાઈ અનિલ લાખાભાઇ બલીયા (ઉ.વ.૧૯) (રહે. બંને ખોડિયારનગર, આજી વસાહત)પકડી લીધા હતા બાકીના બે આરોપીઓ સગીર છે. પોલીસે મેટલનો કાચો માલ ૧૩૦૦ કિલો રૂા. ૬,૪૫,૩૭૫નો, સ્ટીલનો તૈયાર માલ ૭૫૦૦ કિલો રૂા. ૪,૪૬,૧૦૦, બે લેપટોપ રૂા. ૩૦ હજાર, મોબાઈલ ફોન નંગ-૪ રૂા. ૨૦ હજારના અને છકડો રિક્ષા જીજે૦૩એક્સ,-૩૩૨૭ રૂપિયા ૫૦ હજારની કબ્જે લેવામાં આવી છે. જયા,રે છકડાના માલિક ધાર્મિક તથા અન્યટ એક સગીરને આજીડેમ પોલીસની ટીમે દબોચ્યા હતાં.આરોપી અનિલે રટણ કર્યુ હતું કે તેના ટુવ્હીલરની લોનના હપ્તા ચડી ગયા હોઇ પૈસાની જરૂર હતી એટલે આ કારખાનામાંથી ચોરી કરવાનો પ્લાન ઘડી માલ ચોર્યો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સક્ષ્નસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. બોરીસાગર, હેડકોન્સર. વિજેન્દ્રસિંહ ઝાલા, જીતુભા ઝાલા, ધર્મરાજસિંહ જાડેજા, હિતેષભાઇ પરમારની ટીમે આ કામગીરી કરી હતી.

રાજકોટમાં સાંઢીયા પુલ બાજુમાં સર્વિસ રોડનું કામ હજુ પણ ચાલુ

રાજકોટ,

જામનગર-મોરબી રોડથી રાજકોટ તરફ આવવા માટેના વર્ષો જુના કનેકશન જેવા સાંઢીયા પુલની જગ્યાએ નવો ફોરલેન બ્રીજ બનાવવાના કામનું ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીએ ભૂમિપૂજન કર્યુ હતું. લાંબી આચારસંહિતા ન નડે તે માટે મનપા શાસકોએ તાત્કાલીક કામ મંજૂર કર્યુ હતું. હવે જુનો પુલ તોડવા માટે પોલીસ જાહેરનામુ બહાર પાડવાની છે અને રસ્તો બંધ થવાનો છે. તે પૂર્વે જામનગર રોડથી આવતો ટ્રાફિક ભોમેશ્વ્વર મંદિર તરફ વળી શકે તે માટે સર્વિસ રોડનું કામ ઝડપથી આગળ વધારવામાં આવી રહ્યું છે.

જે કામ પુરૂ થાય અને રોડ ધમધમતો થાય તે બાદ જ પુલ બંધ થશે. પુલ તોડવાનું કામ પણ મોટુ છે. આથી ચોમાસા પૂર્વે નવા બ્રીજનું કામ શરૂ થઇ જાય તેવા તંત્ર પ્રયાસ કરી રહ્યું છે. લોકોએ લગભગ બે વર્ષ સુધી પુલના બદલે આ સર્વિસ રોડનો ઉપયોગ કરવાનો છે.

પોલીસ સમાચાર

રાજકોટમાં સમરસ હોસ્ટેલ પાસે ઝૂપડામાં રહેતાં આધેડનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ,

રાજકોટના યુનિવર્સિટી રોડ પર સમરસ હોસ્ટેલ પાસેના મેદાનમાં ઝૂપડુ બાંધીને રહેતાં મુળ મનહરપુરના ભરતભાઇ ગીધાભાઇ રાઠોડ (ઉ.વ.૫૦) નામના પ્રૌઢે ઝૂપડા પાસેબ ાવળના ઝાડમાં પ્લારસ્ટીકની પટ્ટી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

બનાવની જાણ મૃતકના ભાઇ ગુલાબભાઇને આ ઝૂપડામાં ભરતભાઇની સાથે જ રહેતાં નેપાળી શખ્સે કરી હતી. તેમણે પોલીસને જાણ કરતાં યુનિવર્સિટી પોલીસની ટીમે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર ભરતભાઇ આઠ ભાઇ અને બે બહેનમાં ચોથા હતાં અને છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક પુત્રી અને ત્રણ પુત્ર છે. ભરતભાઇને નશો કરવાની ટેવ હોઇ તે મનહરપુરનું ઘર છોડી સમરસ પાસે પટમાં ઝૂપડુ બાંધી રહેતાં હતાં. ક્યાભરેક ઘરે આટો મારી આવતાં હતાં. નશાની ટેવને કારણે આ પગલુ ભર્યુ કે બિમારીથી કંટાળીને? તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

રાજકોટ આજીડેમ રવિવારીમાં અપશબ્દો બોલવાની ના પાડતા યુવાન પર હુમલો

રાજકોટ,

રાજકોટ આજીડેમ પાસે રવિવારીના પટમાં રહેતાં અને કારખાનામાં મજૂરી કરતાં વિજય કનુભાઇ વાઘેલા (ઉ.વ.૩૫)ને સાંજે આઠેક વાગ્યેં તે સુતો હતો ત્યાારે અજાણ્યા શખ્સે આવી કારણવગર ગાળો બોલવાનું ચાલુ કરતાં તેને દુર જવાનું કહેતાં ઉશ્કેરાઇ જઇ ધોકાથી માર મારી ઢીકાપાટુ પણ મારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ભાવેશભાઇ મકવાણાએ આજીડેમ પોલીસને જાણ કરી હતી. વિજયના કહેવા મુજબ પોતે પટમાં ખુલ્લામાં સુઇ રહે છે અને કારખાનામાં મજૂરી કરે છે. હુમલો કરનારે નશો કર્યો હોય તેવું લાગતું હતું.

રાજકોટના અંબીકા ટાઉનશીપ પાસે પાંચમા માળેથી પટકાતાં પરપ્રાંતીય યુવાનનું મોત

રાજકોટ,

રાજકોટના નાના મવા રોડ અંબીકા ટાઉનશીપ પાસે સ્પીડવેલ પાર્ટી પ્લોજટ નજીક સ્પી ડવેલ ગોલ્ડન બિલ્ડીગના પાંચમા માળેથી પટકાતાં મધ્યલપ્રદેશના મજૂર અશોકકુમાર જગપ્રસાદ કુશવાહા (ઉ.વ.૨૦)નું ગંભીર ઈજા થતાં મોત થયું હતું.

બનાવની જાણ થતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અશોકકુમાર બે ભાઇ અને એક બહેનમાં બીજો હતો અને કડીયા કામની મજુરી કરતો હતો. તેને આ સાઇટ પર કામ ચાલુ કરવાનું હોઇ તે આજે કામ જોવા આવ્યો હતો ત્યારે અકસ્માતે પડી ગયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. બનાવથી મજુર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના સ્વીમીંગ પુલો સહિત સ્પોર્ટસ સંકુલોમાં ૧૦૫૦૦ સભ્યોની નોંધણી કરાઈ

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાની જુદી જુદી રમત ગમત સુવિધા માટેની ઉનાળુ વેકેશન બેચ એપ્રિલથી જુન સુધીની શરૂ થતા ૧૩ દિવસમાં જ દસ હજારથી વધુ સભ્યો નોંધાઇ ગયા છે. તેમાં સૌથી વધુ સભ્યો મનપાના જુદા જુદા ચાર સ્વીમીંગ પુલોમાં સાત હજાર જેટલા નોંધાયા છે. તો એક જ જગ્યાએ સૌથી વધુ નોંધણીમાં ૨૫૧૬ સભ્યો સાથે રેસકોર્સનું સિન્થેટીક એથ્લેટીક ટ્રેક સૌથી આગળ છે.

ઉનાળુ વેકેશનમાં સ્વીમીંગ પુલોમાં બાળકો અને મહિલાઓની સંખ્યા વધે છે. તરૂણ કુંડો ભુલકાઓથી ઓવરફલો થઇ ગયા છે. તો સાધુ વાસવાણી રોડના સ્વીમીંગ પુલમાં પણ સાડા પાંચસોથી વધુ મહિલા સભ્યો શીખાઉ અને જાણકાર બેચમાં નોંધાયા છે.

મ્યુનિ. કોર્પોરેશનની જુદી જુદી સ્પોર્ટસ ફેસીલીટીમાં નવી નોંધણી માટે એપ્રિલથી જુન સુધીની ત્રિમાસિક બેચ ખુલ્લી છે. ત્રિમાસીક સભ્ય પદ માટેની અરજી તા.૨૭-૩થી શરૂ થઇ છે. ઓનલાઇન થતા રજીસ્ટ્રેશનમાં જુદા જુદા ૯ સ્થળોએ ૧૦૪૮૭ સભ્યો ગઇકાલ સુધીમાં નોંધાયા છે. રેસકોર્સમાં આવેલા સિન્થેટીક

એથ્લેટીક ટ્રેકમાં ૨૫૧૬ સદસ્યોની નોંધણી થઇ ચૂકી છે. આ ટ્રેક દોડવીરો અને વોકીંગ-જોગીંગ કરનારાઓ માટે ફેવરીટ બન્યો છે.

મનપા હસ્તક પાંચ સ્વીમીંગ પુલ આવેલા છે. આ પૈકી પેડક રોડનો સ્વામી વિવેકાનંદ પુલ હજુ બંધ છે. મેન્ટેનન્સ બાદ હવે તા.૧૨-૪થી પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની છે. અન્ય પુલોમાં સૌથી વધુ નોંધણી કાલાવડ રોડના મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગારમાં ૨૫૩૮ થઇ છે. કોઠારીયા રોડના સરદાર વલ્લભભાઇ પટેલ પુલમાં ૧૯૨૫ અને રેસકોર્સના લોકમાન્ય તિલક સ્નાનાગારમાં ૧૯૦૨ નોંધણી થઇ છે. આ પુલોમાં સભ્યોના ધુબાકા ચાલુ થઇ ગયા છે અને બેચ ફુલ જેવી છે.

સાધુ વાસવાણી રોડ પર આવેલ મહિલા સ્વીમીંગ પુલ શ્રી જીજાબાઇ સ્નાનાગારમાં ૫૬૯ બહેનોએ ત્રિમાસિક બેચ માટે ફોર્મ ભર્યા છે. આમ ઉનાળુ બેચ લગભગ તમામ પુલમાં ફુલ થઇ રહી છે. ચાર પુલમાં કુલ ૬૯૩૪ સભ્યો ગઇકાલ સુધીમાં નોંધાયા હતા.

અન્ય રમત-ગમત પ્રવૃતિની વાત કરીએ તો રેસકોર્સમાં આવેલા સિન્થેટીક ટેનીસ કોર્ટમાં ૪૦, બાસ્કેટ બોલ કોર્ટમાં ૮૫, વોલીબોલ કોર્ટમાં ૬ સભ્યો નોંધાયા છે. રેસકોર્સ સહિતના જુદા જુદા જીમમાં ૮૮૩ સભ્યોએ નોંધણી કરાવી કસરત શરૂ કરી છે અથવા આગળ વધારી છે. આ રીતે રેસકોર્સના જુદા જુદા સંકુલોમાં બાળકો, મહિલાઓ સહિતના સભ્યો ઉમટયા છે. હજુ આ ઉનાળુ બેચ બે મહિના સુધી હાઉસફુલ રહે તેવું દર વર્ષના અનુભવ પરથી તંત્રને લાગી રહ્યું છે.

રાજકોટના સ્ક્રેપ પેઢીના જીએસટીના આઈડી પાસવર્ડ મેળવી ૧૨.૭૭ કરોડના ખોટા બિલ બનાવી નાખ્યા

ખોટા બીલો બનાવવામાં પાસવર્ડનો દુરપયોગ કરી વિશ્વાસઘાત કર્યાની બે શખ્સો સામે ફરિયાદ

રાજકોટ,

અંબિકા ટાઉન શીપમાં નંદન હિલ્સ એપાર્ટમેન્ટમાં ભાડેથી રહેતા અને કોઠારીયા સોલ્વન્ટમાં મહમદ બાગના ગેઇટ પાસે કલ્પેશ ટ્રેડીંગ નામે ભંગારનો ડેલો ધરાવતા મુળ કોટણા સાંગાણીના અરડોઇ ગામના કલ્પેશભાઈ મોહનભાઈ રાણપરીયા (ઉ.વ. ૩૯)ની જાણ બહાર તેની પેઢીના જીએસટીના આઈડી પાસવર્ડના આધારે રૂ..૧૨.૭૭ કરોડના ખોટા બીલો બનાવી પાસવર્ડનો દુરપયોગ કરી વિશ્વાસઘાત કર્યાની બે શખ્સો સામે એ-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.પોલીસે આ અંગે કલ્પેશભાઈની ફરિયાદ પરથી ગૌરવ કિરીટ પીઠડીયા અને અક્ષય જેન્તી પીપળીયા સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

કલ્પેશભાઈએ જણાવ્યું કે,અઢી વર્ષ પહેલા ઢોલરા ગામે ભંગારની લે- વેચ કરતાં આરોપી અક્ષય પીપળીયા પાસેથી રૂા.૮ લાખનો મીલનો ભંગાર ખરીધ્યો હતો.જે પેટે તેને રૂ.૮ લાખનો ચેક આપ્યો હતો.પરંતુ ચાર લાખનો માલ ખરાબ હોવાથી તે આરોપીને પરત આપી દીધો હતો.ત્યારબાદ કામધંધો સારો ચાલતો ન હોવાથી તે મુંબઈ જતા રહ્યા હતાં.જ્યાં તેને સ્ક્રેપનો ધંધો ચાલુ કર્યો હતો. એકાદ વર્ષ પહેલા રાજકોટ પરત આવ્યા હતા અને પોતાનું સીએનું કામ સંભાળતા આરોપી ગૌરવ પીઠડીયાની ઓફિસ કે જે ગોંડલ રોડ પર જીમ્મીટાવરમાં આવેલી છે ત્યાં ગયા હતા.ત્યાં આરોપી પાસેથી પોતાના જીએસટીના આઈડી પાસવર્ડ માંગતા તેણે એમ જણાવ્યું હતું કે,માર્ચ-૨૦૨૩માં આરોપી અક્ષય તેની ઓફિસે આવ્યો હતો અને કલ્પેશભાઈનું અકસ્માત થયું છે તેના જીએસટીના આઈડી પાસવર્ડની જરૂર છે તમે મને આપો કહેતા તેણે કલ્પેશભાઈ પાસેથી મારે ફી પેટેના રૂ.૧૦ હજાર લેવાના બાકી છે તમે મને આપો તો હું તમને આઈડી પાસવર્ડ આપું તેમ જણાવ્યું હતું.આથી અક્ષયએ તેને રૂ.પાંચ હજાર આપતા તેને કલ્પેશભાઈને આઈડી પાસવર્ડ આપ્યાં હોવાની વાત કરી હતી.આથી પોતાને આરોપીએ આઈડી પાસવર્ડ બદલી નાખ્યા હશે તેવું લાગતા તેણે આરોપી અક્ષય પાસે જઈ પોતાના આઈડી પાસવર્ડ માંગ્યા હતા.પરંતુ આરોપીએ આઈડી પાસવર્ડ ન હોવાનું અને રૂ.૮ લાખ આપવા ન પડે એટલે ખોટુ બોલો છો તેમ વાત કરી હતી.

રાજકોટના કિસાનપરા ચોક ખાતે રામલલ્લા બિરાજયા : મૂર્તિ પ્રતિષ્ઠા કરાઇ

વિશ્વિ હિન્દુ પરિષદ-રાજકોટ રામોત્સવ સમિતિ દ્વારા કિશાનપરા ચોક ખાતે શ્રી રામલલ્લાની મુર્તિ પ્રતિષ્ઠા વૈદિક મંત્રોચ્ચાર અને ઢોલનગારા સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ત્થા રામોત્સવ સમિતિના હોદેદારો તેમજ કિશાનપરા ચોકના દુકાનદારો અને આજુબાજુના રહિશો ઉત્સાહભેર જોડાયા હતા. ગતરાત્રીના શ્રી પંચમુખી હનુમાન ચાલિસા પ્રેરિત-હનુમાન ચાલિસાના પાઠમાં ધર્મપ્રેમીઓએ લાભ લીધો હતો.

રાજકોટના ઘંટેશ્વર ૨૫ વારીયામાં ભંગારના ધંધાર્થીના મકાનમાંથી ચોરી કરનાર સગો સાઢુભાઈ પકડાયો

રાજકોટ.

રાજકોટના ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં ભંગારના ધંધાર્થીના મકાનમાં બે દિવસ પહેલાં પુત્રીની માનતા માટે રાખેલા રોકડ અને દાગીનાની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી માધાપર ચોકડી પાસેથી ભોગ બનાનારના સગા સાઢુભાઈને પકડી તમામ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે જામનગર રોડ પર ઘંટેશ્વ્વર ૨૫ વારીયા ચિથરીયાપીરની દરગાહ પાસે રહેતાં કિશનભાઈ જેરામભાઈ જીજ્જંજવાડીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભંગારની ફેરી કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમની પત્ની આજી ડેમ ચોકડી પાસે રવિવારી બજારમા જુના ભંગાર વેચવાનુ કામ કરે છે. તેમના મકાનના મેઈન દરવાજો તુટેલો છે જેથી ઘરમા કોઈ લોક કરવાની સુવિધા નથી અને ઘરના દરવાજાનો ઉપરનો ભાગ તુટેલો છે જેથી ત્યાં કાપડનો પડદો આડો રાખે છે.

તેઓએ તેમની નાની દિકરીની માનતા બેચરાજી (વિરમગામ) ખાતે રાખેલ હતી જેથી માનતા પુરી કરવા માટે રુપિયાની જરુર હતી જેથી દંપતી ઘરની બાજુમા રહેતા સાઢુભાઈ આકાશભાઈ કિશનભાઈ વણોદીયા પાસેથી ગઈ તા. ૦૬/૦૪ ના રાત્રીના રૂ. ૨૦ હજાર રોકડા હાથ ઉછીના લીધેલા બાદ બંન્ને ઘરે આવેલા અને રુપિયા ઘરના કબાટની તિજોરીમાં રાખેલ હતાં.

ગઈકાલે દંપતી સવારના આઠેક વાગ્યે કામે નિકળી ગયેલ બાદ તેઓ બપોરના એકાદ વાગ્યે ભંગારની ફેરી કરી ઘરે પરત આવેલો ત્યારે ઘરે બધુ વ્યવસ્થિત હતુ. બાદમાં ફરી તેઓ આજીડેમ ચોકડી ખાતે રવિવારી બજારમા ગયેલો ત્યારબાદ સાંજના સાતેક વાગ્યે અમારા ઘરે પરત આવી અને જોયુ તો ઘરમા કબાટનો કાચ તુટેલો હતો અને લોક પણ તુટેલો હતો જેથી કબાટ ચેક કરતા તિજોરીનો પણ લોક તુટેલો હતો. જેમાં રાખેલાં સોના, ચાંદીના ઘરેણા તથા રોકડ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૩૯ હજારના મુદ્દામાલની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી છૂટ્યા હતાં.બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરી અને બી.બી.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એન.વી.હરિયાણી ટીમ સાથે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ કરી રહી હતી ત્યારે સાથેના કોન્સ્ટેબલ પ્રદીપ ડાંગર, શક્તિસિંહ ગોહિલ, રોહિત કાછોટ, કુલદીપસિંહ રાણા અને રોહિતદાન ગઢવીને મળેલ ચોક્કસ બાતમીના આધારે ચોરીના બનાવનો ભેદ ઉકેલી માધાપર ચોકડીથી આગળ જામનગર રોડ પરથી આકાશ કિશન વણોદીયા (ઉ.વ.૩૦),(રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા ચિથરીયાપીરની દરગાહ પાસે) ને દબોચી ચોરીનો તમામ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછતાછમાં તે ફરિયાદીનો સગો સાઢુભાઈ થાય છે. તેમજ ચોરી પહેલાં જ આરોપીએ તેના સાઢુભાઈને રૂ.૨૦ હજાર ઉછીના આપ્યા હતાં અને તે જ રૂપિયા સહિત અન્ય મુદ્દામાલની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

યુક્રેન વિવાદ વકરતો જાય છે

વર્તમાન વર્ષ ૨૦૨૪ માં જગત ભરના લોકશાહી દેશોમાં ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે યુક્રેન નો વિવાદ વધુ ને વધુ વકતો જાય છે નજીકના ભવિષ્યમાં તેનું કોઈ સોલ્યુશન દેખાતું નથી રશિયા પરના હુમલા પછી પુતીને માને છે કે આની પાછળ યુક્રેન નો હાથ છે આથી તે યુક્રેન પર વધારે ખતરનાક હુમલા કરી શકે તેમ છે આવી તે ઇઝરાયેલ પણ મુસ્લિમ સંગઠનો સામે રોશે ભરાયેલું છે. આમ એક બાજુ લોકશાહીની પ્રક્રિયા ચાલશે તો બીજી બાજુ નાના મોટા અડધો ડઝન જેટલા યુદ્ધો ખેલાઈ રહ્યા છે જે વિશ્વ શાંતિ માટે એક પડકારરૂપ છે મોસ્કોના કોન્સર્ટ હોલમાં થયેલા નિર્દયી હુમલા માટે ભલે ગમે તે જવાબદાર હોય, પુટિન તેના ત સાથે સાંકળી રહ્યા છે. હવે તેઓ યુક્રેન પર રશિયાના હુમલાની વધુ ભયાનક કરી શકે છે. આ બાબતમાં યુક્રેન પણ દૂધે ધોયેલું નથી મોસ્કોમાં કોન્સર્ટ હોલમાં થયેલા હુમલા માટે રશિયાએ ફરી એકવાર યુક્રેનને જવાબદાર ઠેરવ્યું છે. રશિયન તપાસકર્તાઓએ ગયા સપ્તાહના અંતે એક નિવેદન જારી કર્યું હતું કે, હુમલાખોરોના ફોનમાંથી એક યુક્રેનિયન ધ્વજની તસવીર મળી હતી. જોકે, આપણે કદાચ ક્યારેય જાણી નહીં શકીએ કે ગયા મહિને મોસ્કોના ક્રોક્સ મોલમાં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ કોણ હતો.

હુમલો એટલો ઘાતકી હતો કે, બાળકોને જાણી જોઈને નિશાન બનાવાયા હતા. લોકોના ગળા કાપી નખાયા હતા અને ISIS શૈલીમાં મૃતદેહોને વિકૃત કરાયા હતા. આશ્ચર્યની વાત એ છે કે, તમામ હુમલાખોરોને જીવતા પકડી લેવાયા હતા અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા ન હતા. તેઓ બધા તાજિક મૂળના હતા અને તેઓ તેમના વિઝાને ઓવરસ્ટે કરીને ગેરકાયદેસર રીતે રશિયામાં રોકાયા હતા. તેમાંથી કોઈની પાસેISIS સાથે સંકળાયેલા સૂત્રો અને બેનરો અથવા આર્મબેન્ડ જેવી વસ્તુઓ નહોતી. જે ચેનલોએ દાવો કર્યો હતો કે, હુમલોISIS દ્વારા કરાયો હતો, તે પશ્ચિમી ચેનલો હતી. તેમણે ખાસ કરીને રેખાંકિત કર્યું કે, અમેરિકાએ મહિનાઓ પહેલા રશિયાને ચેતવણી આપી હતી કે ISIS નજીકના ભવિષ્યમાં ત્યાં કોઈ હુમલો કરી શકે છે. પરંતુ રશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન મેદવેદેવે કહ્યું કે, હુમલા પાછળ યુક્રેનનો હાથ છે. આખરે પુટિને પણ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો આરોપ લગાવ્યોછે, શું આ રશિયાનું જ ખોટું ફ્લેગ ઓપરેશન હોઈ શકે છે? તેની શક્યતાઓને નકારી શકાય તેમ નથી. મોસ્કોમાં ૧૯૯૯માં પણ એપાર્ટમેન્ટ બોમ્બ વિસ્ફોટમાં ૩૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જેના માટે ચેચન આતંકવાદીઓને જવાબદાર ગણાવાયા હતા. પરંતુ આ માટે ક્યારેય કોઈ પુરાવા અપાયા નથી. રશિયાએ ચેચન્યા પર આક્રમણ કર્યું હતું. આ લાંબું અને લોહિયાળ યુદ્ધ દસ વર્ષ પછી વિસ્તારના સંપૂર્ણ વિનાશ અને પુન:નિર્માણ સાથે સમાપ્ત થયું હતું. રશિયનો દ્વારા આરોપિત વ્યક્તિ અચેમેઝ

ગોચિયાયેવ હતો, જે મુસ્લિમ હતો પરંતુ ચેચન નહોતો. તે કરીના જાતિનો હતો. થોડાં વર્ષો પછી તે પણ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો અને ત્યારથી તેના વિશે ક્યારેય સાંભળ્યું નથી. એવી અટકળો હતી કે, બોમ્બ એફ્એસબી દ્વારા જ પ્લાન્ટ કરાયા હતા, જેનું નેતૃત્વ પુટિને થોડા મહિના પહેલા સુધી કર્યું હતું.

ક્ષમા વીરસ્ય ભૂષણમ્ - આ ભીમ અને હનુમાનને જ શોભે

અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

હમણાં એક પ્રસંગ બનેલો એક ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ પાસે ગાડી ઉભી રાખી દુકાને કોઈ વસ્તુ લેવા ગયો. આ સમયે અગિયારમું કે બારમું ભણતા યુવાનો વચ્ચે મારા મારી થઈ એમાં એક બે દુબળા પતલા યુવાનોને ચારપાંચ યુવાનોનએ ધોલ થપાટ મારી. પેલા દુબળા પતલા યુવાનો આમ પણ કંઇ કરી શકે એમ ન હતા. પેલા મારીને જતા રહ્યા એટલે કહે આપણે આવા લોકોની જોડે થોડી માથાકૂટ કરાય ! ફરગીવ ધેમ - માફ કરી દો તેમને. અરે ભાઈ તારી પાસે બીજો ઓપશન પણ ક્યાં છે ?

આજે ઘણા લોકો એમ કહે કે પૈસા પૈસા શું કરવાનું ? આટલું છે એટલે ઘણું , પણ ભાઈ વધારે કમાવાની ત્રેવડ પણ નથી પછી કહે શું ? અભાવો બ્રહ્મચર્યશ્ચ ઘરવાળી મળતી નથી એટલે બ્રહ્મચારી છે. સંસારમાં કોઈ ભાવ પૂછતું નથી એટલે સંન્યાસ લે છે એ સંન્યાસીની કોઈ કિંમત નથી.ત્યાં કોઈ સંઘરતા નથી એટલે અહીં સન્યાસમાં આવ્યો છે. આજે ઘણા સિનિયર સીટીઝન મંદિરમાં કે ટ્રસ્ટમાં સેવા આપે અને કહે રીટાયરમેન્ટ લાઈફમાં કંઈ પુણ્યનું કામ કરીએ પણ હકીકતે તેમને ઘરે કોઈ સંઘરતું નથી એટલે પરાણે અહીં આવીને સેવા કરે છે. ઘરના કહે કે તમે ઘરની બહાર જાવ તો નડતા બંધ થાવ અમને કઈ કામ સુઝે. આવા લોકોની સેવાને કોઈ કિંમત નથી. આવા માયકાંગલા,નમાલા કે પરાણે સેવાધારી કે બ્રહ્મચારીની કિંમત નથી.

બધી જ તાકાત હોય છતાં પણ જે ત્યાગ કરે છે એ ત્યાગને સુગંધ છે કિંમત છે. બાકી દ્રાક્ષ ખાટી છે એમ કહેનારા શિયાળને ઉપરવાળો ઓળખે જ છે.

ભીમ અને હનુમાન ઉપર કોઈ વાર કરે અને તેને માફ કરી દે તો તે માફીને કિંમત છે. આપણને એમ છે કે ભીમ એટલે ખૂબ ખાય અને ખૂબ મલ્લ યુદ્ધ કરે. પરંતુ ભીમની પ્રકૃતિ લડવાની હતી જ નહીં. જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો છે ત્યારે ભીમ ન છુંટકે જ લડ્યો છે. દ્રૌપદી જ્યારે સૌરેંધરી તરીકે કામ કરતી હતી અને કિચક તેને હેરાન કરતો હતો ત્યારે ભીમ સિવાય એ કોઈને ફરિયાદ કરી શકે એમ ન હતી ત્યારે ભીમ કહે છે તેને કે તું એને સમજાવીને પ્રશ્ન ઉકેલ હું લડી લડીને થાકી ગયો છું. ભીમની પાસે રસોઈ ઉપરાંત રાજા મલ્લ યુદ્ધ ખૂબ કરાવતા હતા. આથી ભીમ કહે છે મને હવે લડવાની ઈચ્છા નથી. આમ છતાં કોઈ ઉકેલ ન આવતા, ના છૂટકે ભીમે કિચકને માર્યો છે. બાકી ભીમે ઘણા બધા લોકોને માફ કરી દીધા છે. ભીમની પ્રકૃતિ ઋજુ હૃદયની હતી. લડવું એ તેની પ્રકૃતિ વિરુદ્ધ હતું. આથી જ ન ગમતા કામની દાઝ ઉતારવા એ જે વ્યક્તિ સાથે લડવાનું બનતું ત્યારે તેના છોતરા કાઢી નાખતો.

આજ રીતે હનુમાનની પ્રકૃતિ પણ આવી જ હતી. મૂળ તો એ પણ ભીમના મોટાભાઈ જ. તેઓને પણ ન છૂટકે લડવું પડતું ત્યારે જ લડતા. આવા લોકો કોઈને માફી આપે તેની કિંમત હોય. નમાલા લોકોની માફીને થોડી કોઈ કિંમત છે ?. સતર વખત મથુરાને જીતાડયા બાદ કૃષ્ણ રણ છોડીને ભાગે તો તેને લોકો રણછોડરાય કી જય કહે. બાકી અન્ય લોકો ભાગે તો કાયરનું જ બિરુદ મળે !

શૌર્યવાન લોકોની માફીને કિંમત હોય. શ્રીમંત લોકોની સાદગીને કિંમત હોય. મુકેશભાઈ તેમને ત્યાં પ્રસંગે પોતે પીરસે તે સાદગીને નમ્રતાની વાતો થાય બાકી ભૂરાને ત્યાં લગ્ન હોય અને પીરસવાવાળા રાખવાની ત્રેવડ ન હોય અને પીરસે તો લોકો તેની નોંધ પણ ન લે.

અહીં એક પાતળી ભેદ રેખા પણ છે કે સાદગીનું નાટક છે કે હૃદયપૂર્વકની સાદગી છે એ પણ સમજવું જરૂરી છે. આજકાલ ચૂંટણીનો માહોલ છે એટલે ઘણા નેતાઓ સાદગીના નાટકો કરશે. રસ્તાઓ સાફ કરશે અરે ગરીબોના છોકરાઓ પણ સાફ કરશે. આવા વીડિયો પણ બધાએ જોયા છે. આથી જ જે સાદગી પાછળ કોઈ સ્વાર્થ સાધવાનો હેતુ છે એ સાદગી નથી પણ નાટક છે. એ જ રીતે કોઈ વિરોધ પક્ષ કોઈ કૃત્ય કરે છે જે માફી યોગ્ય નથી છતાં માફ કરે છે એ તેમનું ઔદાર્ય નથી પણ પોલિટિકલ ગેમ છે. આવી માફી ટેમ્પરરી હોય છે એક વખત ચૂંટણી પુરી થાય એટલે વળતો દાવ લઈ જ લેતા હોય છે તો આ ટેમ્પરરી માફીની પણ કોઈ કિંમત નથી.

આથી જ પાત્રતા કે ક્ષમતા ઉભી કર્યા બાદ શું કૃત્ય કરીએ છીએ, એ કૃત્ય પાછળનો હેતુ શું છે ? એ જાણ્યા પછી જ એ કૃત્યની કિંમત નક્કી થતી હોય છે.

રેલ્વે સ્ટેશનો પર હવે મળશે સસ્તા ભાવે લોટ અને ચોખા

કરંટ ટોપિક

પ્રોજેક્ટ હેઠળ પસંદગીના સ્ટેશનો પર યોજના શરૂ કરી

ટ્રેન દ્વારા મુસાફરી પૂરી પાડવા ઉપરાંત ભારતીય રેલવે દેશમાં બીજી નવી પહેલ શરૂ કરી છે હવે તમને રેલવે સ્ટેશન ઉપર ટિકિટ ઉપરાંત રાશન સામગ્રી પણ મળશે. ભારતીય રેલવે ત્રણ મહિના માટે પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. મોંઘવારી પર અંકુશ મેળવવા માટે કેન્દ્ર સરકારે ભારત બ્રાન્ડ હેઠળ સસ્તા ભાવે લોટ અને ચોખા ઉપલબ્ધ કરાવ્યા છે. હવે ભારતીય રેલ્વેએ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પસંદગીના સ્ટેશનો પર લોટ અને ચોખા પ્રદાન કરવાની યોજના શરૂ કરી છે.

આ પાયલટ પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા સસ્તા ભાવે લોટ અને ચોખા આપવામાં આવશે. આ સમગ્ર સિસ્ટમ પર એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ કમર્શિયલ મેનેજર દ્વારા દેખરેખ રાખવામાં આવશે વેચાણની જવાબદારી એક એજન્સીને સોંપવામાં આવશે આ એજન્સી ત્રણ મહિના સુધી વેચાણનું કામ કરશે એમ એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

કેટલાક મહિનાઓ પહેલા લોકોને મોંઘવારીથી બચાવવા માટે કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે ભારત બ્રાન્ડ ચોખા અને લોટનું વેચાણ શરૂ કર્યું હતું, જેમાં ભારત બ્રાન્ડ લોટનો ભાવ ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલો અને ભારત બ્રાન્ડ ચોખાનો ભાવ ૨૯ રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવ્યો હતો. રેલ્વે સ્ટેશન ઉપર પણ હવે આ જ લોટ અને ચોખા વેચવાની તૈયારીઓ કરવામાં આવી છે.

હાલમાં લોટ અને ચોખા ત્રણ મહિના માટે વેચવામાં આવશે અને જો આ યોજના સફળ થશે તો તમામ સ્ટેશનો પર તેનો વેચાણ શરૂ કરવામાં આવશે. જે સ્ટેશન પર તેનું વેચાણ કરવામાં આવશે ત્યાં સાંજે એક વાન પાર્ક કરવામાં આવશે જેમાંથી લોટ અને ચોખાનું વેચાણ કરવામાં આવશે. સાંજે માત્ર બે કલાક મોબાઈલ વાન દ્વારા માત્ર ભારત આટા અને ભારત ચોખાનું વેચાણ કરવામાં આવશે. આ પછી મોબાઈલ વાન સ્ટેશન પરિસરથી રવાના થશે. વિક્રેતાઓ મોબાઈલ વાન પર માત્ર બેનર લગાવી શકશે. તેઓ કોઇ જાહેરાત નહીં કરી શકે.

જાણવા મળ્યા મુજબ શરૂઆતમાં આ સુવિધા ૫૦૫ રેલવે સ્ટેશન ઉપર શરૂ કરવામાં આવશે, જેમાં લખનઊ, ગોરખપુર, છપરા, બનારસ સહિત ઘણા સ્ટેશનો સામેલ છે.દિલ્હી-મુંબઈ જેવા મહાનગરોમાં લોકો પાસે સમય ઓછો છે. સવારે ઘરેથી ઓફિસ જવામાં અને સાંજે ઓફિસથી પાછા ફરવામાં ઘણો સમય પસાર થાય છે. આવી સ્થિતિમાં લોકો સ્ટેશનની આસપાસથી શાકભાજી ખરીદે છે. હવે તેઓ રેલ્વે સ્ટેશન પરથી જ સસ્તા દરે ચોખા અને લોટ ખરીદી શકશે.

દેશભરમાં જ્યારે ટામેટા અને ડુંગળીના ભાવ આત્માને પહોંચ્યા હતા ત્યારે ડુંગળી અને ટામેટા પણ ભારત બ્રાન્ડ હેઠળ વેચાતા હતા. બજારમાં ખાદ્ય ચીજવસ્તુઓની વધતી જતી કિંમતોને કારણે સરકાર લોકોને “ભારત બ્રાન્ડ”ના નામથી વાજબી ભાવે લોટ, ચોખા અને કઠોળ પુરી પાડી રહી છે. સરકારની આ વ્યવસ્થાથી મધ્યમ વર્ગના લોકોને રાહત મળી રહી છે.

લોકસભાની ભાવનગરની બેઠકનો અનોખો ઇતિહાસ

ભારતીબહેન શિયાળ ભાવનગર બેઠક પરથી ચૂંટાયેલાં પ્રથમ મહિલા સાંસદ છે હવે નીમુબહેન બાંભણિયા બીજાં મહિલા સાંસદ બનશે રાજુભાઈ રાણા સતત છ વખત ભાવનગરના સાંસદ બન્યા ભાવનગર લોકસભા બેઠક પર સૌપ્રથમ વખત ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર ગીગાભાઈ ગોહિલ વિજેતા થયા હતા

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

ચૂંટણી આમ જનતા માટે રસનો વિષય છે જેને રાજકારણ સાથે કોઈ જ લેવા દેવા નથી એવા લોકો પણ કલાકો સુધી ચર્ચાઓ કરે છે અને પોતે કંઈક જાણે છે. કેમ સામી વ્યક્તિ પોતાનું રાજકીય જ્ઞાન પીરસે છે અને આનંદ અનુભવાય છે ભાવનગરમાં મોટાભાગના સિનિયર સીટી જમીન નવરાશના સમયે રાજકારણનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તેનો લાભ બીજાને આપે છે આમાંથી ઘણા લોકો અભ્યાસ પણ કરે છે અને એનાલિસિસ પણ કરે છે ભાવનગર ની બેઠકની રાજકારણ અનોખું છે તેનો ઇતિહાસ પણ અનોખો છે આ વખતની વાત કરીએ તો

ભાવનગર લોકસભા બેઠકથી ભાજપે બે ટર્મથી સાંસદ ડો. ભારતીબહેન શિયાળની ટિકિટ કાપીને પક્ષનાં જ સિનિયર મહિલા નેતા નીમુબહેન બાંભણિયાને ટિકિટ આપી છે. ભાવનગરમાં ચર્ચા ચાલી રહી છે.

જ્યારે સામે પક્ષે બોટાદના આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય ઉમેશ મકવાણાને ટિકિટ અપાઈ છે. અહીં કોંગ્રેસ અને આપ સંયુક્ત રીતે ચૂંટણી લડી રહ્યાં છે.ડો. ભારતીબહેનની જેમ નીમુબેન પણ તળપદા કોળી સમાજમાંથી આવે છે, જેના ભાવનગર લોકસભા બેઠકમાં ૪૨ ટકાથી વધુ મતદારો છે.

બે દાયકા કરતાં વધુ સમયથી ભાજપ સાથે જોડાયલાં નીમુબેન બાંભણિયાએ પક્ષ વતી વિવિધ જવાબદારી નિભાવી છે. તેમણે બે ટર્મ ભાવનગરનાં મેયર તરીકે પણ કામ કર્યું છે. પક્ષનાં જૂનાં નેતા નીમુબહેન બાંભણિયાબી.એસ.સી. અને બી.એડ.ની ડિગ્રી ધરાવતાં નીમુબહેન બાંભણિયા વ્યવસાયે શિક્ષકા હતાં.

ભાવનગરના રાજકરણને એક નવી દિશા આપનાર નિમુબેન ''૨૨ વર્ષ પહેલાં ભાજપમાં જોડાયાં હતા અને ત્યાર બાદ તેમણે સતત પક્ષમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે. સંગઠનમાં અને મહિલા મોરચામાં કામ કરવા ઉપરાંત તેઓ જિલ્લા પ્રભારી અને ચૂંટણી નિરીક્ષક તરીકેનો ચાર્જ પણ તેમણે સંભાળ્યો છે.''

તળપદા કોળી સમાજમાં પણ અલગઅલગ કાર્યો તેઓ કરતાં રહે છે. ૨૦૧૧થી ૨૦૧૬ સુધી તેમણે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું છે. હાલ તેઓ જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રભારી તરીકેની જવાબદારી નિભાવી રહ્યાં છે.

નીમુબહેનનું કામ ઘણું સારું છે લોકોના પ્રસંગે ઉકેલો આમાં તેને પ્રયાસો કર્યા છે અને તેમાં સફળતા પણ મેળવી છે આથી તેઓ ભાવનગરની બેઠક પરથી ૧૦૦% જીતે એવી શક્યતાઓ ભાજપના એક અગ્રણી રાકેશભાઈ અજવાળીયાએ વ્યક્ત કરી છે.

બીજી મહત્વની વાત એ છે કે આ પહેલા ભાવનગરમાં મહિલા સાંસદ ડોક્ટર ભારતીબેન શિયાળ બન્યા હતા તેમણે ભાવનગર માટે ઘણા સારા કાર્ય કર્યા છે

''ડો. ભારતીબહેન શિયાળ ભાવનગર ના પ્રશ્નો માટે સતત જાગૃત રહ્યા હતા. રેલવે તેમજ એરપોર્ટના પ્રશ્નો પણ તેમણે સફળતાપૂર્વક ઉકેલ્યા છે.

ભારતીબેને ભાવનગર શહેરના વિકાસ માટે સારો રસ લીધો છે ઘણા પ્રશ્નો ઉકેલ્યા જ છે અને હજુ પણ તેઓ લોકોના પ્રશ્નો ઉકેલવામાં પૂરો રસ ધરાવે છે પક્ષના એક સારામાં સારા મહિલા કાર્યકર છે અને સારા સહયોગી છે પરંતુ પક્ષની અંદર કેટલાક લોકોની નારાજગી હોવાથી તેમને રિપ્લેસ કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

લોકસભા ચૂંટણીમાં ભાવનગર બેઠકનું ગણિત શું છે? તે જાણવા જેવું છે ભાવનગર (લોકસભા બેઠક નંબર-૧૫) બેઠકમાં તળાજા, પાલિતાણા, ભાવનગર ગ્રામીણ, ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ, ગઢડા તથા બોટાદ વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે. ૨૦૦૯ પછી ભાવનગર લોકસભા બેઠકના સીમાંકનમાં ફેરફાર કરવામાં આવ્યા હતા, જેમાં ભાવનગરની લોકસભા બેઠકમાંથી મહુવા અને ગારિયાધારને બાદ કરી દેવામાં આવ્યા હતા. બોટાદ અને ગઢડાને ભાવનગરની લોકસભા બેઠકમાં સમાવવામાં આવ્યા છે જ્યારે મહુવા અને ગારિયાધાર વિધાસભા બેઠકોને અમરેલીની લોકસભા બેઠકમાં સમાવવામાં આવી છે.

ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ અનુસાર ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાવનગર બેઠકમાં ૯,૧૯,૮૮૩ પુરુષ, ૮,૪૭,૧૨૨ મહિલા અને ૩૫ અન્ય સહિત કુલ ૧૭,૬૭,૦૪૦ મતદાતા નોંધાયા હતા.

૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે મહિલા ઉમેદવાર ડો. ભારતીબહેન શિયાળને ભાવનગર બેઠકથી ઉમેદવાર બનાવ્યાં હતા. ૨૦૧૪માં તેમણે કોંગ્રેસના પ્રવીણ રાઠોડને પરાજય આપ્યો હતો. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસના મનહર પટેલને ૨૯૫૪૮૮ મતોથી હરાવ્યા હતા.

ડો. ભારતીબહેન શિયાળ આ બેઠક પરથી ચૂંટાયેલાં પ્રથમ મહિલા સાંસદ છે. હવે જો નીમુબહેન બાંભણિયા ચૂંટાય તો બીજાં મહિલા સાંસદ બનશે.

ભાજપે છ વાર ચૂંટણી જીતી અને બેઠક ભાજપ પાસે જ રહી ભાવનગર લોકસભા બેઠક પર સૌપ્રથમ વખત ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર ગીગાભાઈ ગોહિ?લ વિજેતા થયા હતા.

ત્યાર બાદ ૧૯૮૪માં પણ ફરી એક વખત ગીગાભાઈ ગોહિ?લે ભાવનગરનું લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. પછીની ૧૯૮૯ ચૂંટણીમાં ગીગાભાઈ ગોહિ?લના સ્થાને તેમના સંબંધી શશિકાંતભાઈ જમોદને કોંગ્રેસે ટિકિટ ફાળવી અને તેઓ પણ ચૂંટાઈ આવ્યા હતા.

ભાજપે પ્રથમ વખત ભાવનગર બેઠક ૧૯૯૧માં જીતી હતી અને ત્યાર બાદ આ બેઠક સતત ભાજપ પાસે જ રહી છે. ભાજપે છ વખત આ બેઠક જીતી છે અને છએ છ વખત ક્ષત્રિય ઉમેદવાર વિજેતા થયા છે. જેમાં એક વખત ડો. મહાવીરસિંહ ગોહિલ અને પાંચ વખત રાજુભાઈ રાણા, તો ૨૦૧૪માં ભાજપમાંથી કોળી ઉમેદવાર ડો. ભારતીબહેન શિયાળ વિજેતા થયાં હતાં. ભાવનગર લોકસભાની આ બેઠક રાષ્ટ્રધ્વ ઇતિહાસ ધરાવે છે અહીં ભાજપનો દબદબો રહ્યો છે અને કાયમ રહેવાનો છે

છેલ્લા ૧૦ મહિનામાં ગરમીના નવા રેકોર્ડ બનાવ્યા, માર્ચ મહિનો સૌથી ગરમ મહિનો રહ્યો

નવીદિલ્હી

વિશ્વભરના દેશોમાં અનિયમિત આબોહવાની ઘટનાઓ પહેલેથી જ જોવા મળી રહી છે. જેમ જેમ ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે, તે ઐતિહાસિક રેકોર્ડ તૂટવાનો ભય છે. હકીકતમાં યુરોપિયન યુનિયનની ક્લાઈમેટ ચેન્જ મોનિટરિંગ સર્વિસનો દાવો છે કે છેલ્લા ૧૦ મહિનામાં ગરમીએ વૈશ્વિક સ્તરે નવા રેકોર્ડ બનાવ્યા છે. દર મહિને તાપમાનનો નવો રેકોર્ડ બને છે. તે જ સમયે, આ વખતે વિશ્વએ સૌથી ગરમ માર્ચનો અનુભવ કર્યો.

યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ અનુસાર, છેલ્લા ૧૦ મહિનામાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. આ વિશ્વના સૌથી ગરમ મહિના રહ્યા છે. વધુમાં, માર્ચ સાથે પૂરા થતા ૧૨ મહિનાઓ પણ અત્યાર સુધીના સૌથી ગરમ રહ્યા છે. એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધી વૈશ્વિક સરેરાશ તાપમાન ૧૮૫૦-૧૯૦૦ પૂર્વ-ઔદ્યોગિક સમયગાળામાં સરેરાશ કરતા ૧.૫૮ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું.

સીઉએસના ડેપ્યુટી ડાયરેક્ટર સમન્થા બર્ગેસે કહ્યું, 'આ રેકોર્ડ સામાન્ય નથી. આનાથી અમને ખૂબ જ ચિંતા છે. "મહિના દર મહિને આ પ્રકારના રેકોર્ડ્સ જોવું એ ખરેખર અમને બતાવે છે કે આપણું વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે." તેમણે કહ્યું કે ૧૯૪૦ થી અત્યાર સુધીના ડેટાની તપાસ કરવામાં આવી હતી. આનાથી જાણવા મળ્યું કે આ વર્ષનો માર્ચ વર્ષોમાં સૌથી ગરમ હતો. જ્યારે વૈશ્વિક સ્તરે, ૧૮૫૦ પછી ૨૦૨૩ સૌથી ગરમ વર્ષ હતું.

નવરાત્રિના શુભ અવસર પર જાહેર કરાયેલ તારીખ ૧૦ મેના રોજ ગંગોત્રી ધામના દરવાજા ભક્તો માટે ખુલશે

દેહરાદૂન

વિશ્વ પ્રસિદ્ધ ગંગોત્રી ધામના દ્વાર ૧૦મી મેના રોજ અક્ષય તૃતીયાના પવિત્ર તહેવાર પર બપોરે ૧૨:૨૫ કલાકે અભિજીત મુહૂર્ત અને અમૃતબેલાના સમયે ખોલવામાં આવશે. આ પ્રસંગે ગંગા સહસ્ત્રનામનો પાઠ કરવામાં આવશે. મંગળવારના રોજ શ્રી પંચ ગંગોત્રી મંદિર સમિતિના કાર્યાલયમાં કપટોદગાનનું શુભ મુહૂર્ત યોજાયું હતું. કમિટીના ચેરમેન હરીશ સેમવાલ અને સેક્રેટરી સુરેશ સેમવાલે પ્રેસ કોન્ફરન્સ યોજીને ઉદ્ઘાટન માટે નક્કી કરેલા સમય વિશે માહિતી આપી હતી. જ્યારે કેદારનાથ ધામના દરવાજા ૧૦મી મેના રોજ સવારે ૭ વાગ્યે અને બદ્રીનાથ ધામના દરવાજા ૧૨મી મેના રોજ સવારે ૬ વાગ્યે બ્રહ્મમુહૂર્તમાં ખુલશે. રાજ્ય સરકારે ચારધામ યાત્રાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વખતે પણ યાત્રામાં આવતા યાત્રિકોએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત રહેશે.

સંજય લીલા ભણસાલીની હીરામંડીનું ટ્રેલર સામે આવ્યું

મુંબઈ,



સંજય લીલા ભણસાલીની ફિલ્મ હીરામંડીને લઈને ઉત્સાહનો માહોલ છે. તે ભારતમાં બનેલી અત્યાર સુધીની સૌથી મોંઘી વેબ સિરીઝ માનવામાં આવે છે. આ સીરીઝનું પોતાનું હિસ્ટોરિકલ બેકગ્રાઉન્ડ છે અને સંજય લીલા ભણસાલી હંમેશા આવા પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત રહ્યા છે. હવે તેની વેબ સિરીઝ આવવાની છે. ઘણા સમયથી ચર્ચા હતી કે તેનું ટ્રેલર રિલીઝ થઈ શકે છે. હવે નિર્માતાઓએ પોતે જ ખુલાસો કર્યો છે કે આ ફિલ્મનું ટ્રેલર ક્યારે રિલીઝ થશે. નેટફ્લિક્સ અને ભણસાલી પ્રોડક્શન્સે હવે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા જાહેર કર્યું છે કે જ્યારે હીરામંડીનું ટ્રેલર આવી રહ્યું છે. સીરીઝનું પોસ્ટર શેર કરતી વખતે મેકર્સે લખ્યું – સંજય લીલા ભણસાલીની પ્રથમ વેબ સીરીઝ હીરામંડી – ધ ડાયમંડ બજારનું ટ્રેલર આજે એટલે કે ૦૯ એપ્રિલે રિલીઝ થવા જઈ રહ્યું છે. જેમાં હીરામંડીના સુંદર અને લક્ઝુરિયસ સેટ બતાવવામાં આવશે.

આ મારી છેલ્લી આઇપીએલ સિઝન છે આરસીબીના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિક

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ની શરૂઆત રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે ખૂબ જ ખરાબ રહી છે. ફાફ ડુ પ્લેસિસની આગેવાની હેઠળની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આ આઈપીએલ સિઝનમાં અત્યાર સુધી કુલ ૫ મેચ રમી છે, પરંતુ તે માત્ર એક જ મેચ જીતવામાં સફળ રહી છે. આવી સ્થિતિમાં ફરી એકવાર આરસીબી પ્લેઓફમાંથી બહાર થાય તેમ લાગી રહ્યું છે.આરસીબી હાલમાં ૫માંથી એક જીત સાથે પોઈન્ટ ટેબલમાં નવમા સ્થાને છે. આવી સ્થિતિમાં આરસીબીના એક અનુભવી ખેલાડીએ તેના ચાહકોને મોટો ઝટકો આપ્યો છે. આરસીબીના દિગ્ગજ ખેલાડીએ જાહેરાત કરી છે કે આ તેની છેલ્લી આઈપીએલ સિઝન છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિકે પોતાના નિવેદનથી બધાને ચોંકાવી દીધા છે. અત્યારે પણ જ્યારે આરસીબીને રનની જરૂર હોય છે ત્યારે ચાહકો તેને યાદ કરે છે. પરંતુ હવે દિનેશ કાર્તિકે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. કાર્તિકના આ નિર્ણયથી માત્ર ફ્રેન્ચાઈઝીને જ ઝટકો નથી લાગ્યો પરંતુ તેના લાખો ચાહકોને પણ ઝટકો લાગ્યો છે. દિનેશ કાર્તિકે ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન નાસિર હુસૈન સાથે વાતચીત દરમિયાન કહ્યું કે, "આ મારી છેલ્લી આઈપીએલ સિઝન છે.

ટાઈગર શ્રોફ અને દિશા પટની વચ્ચે પૅચઅપ થયું ? અભિનેતાએ ખુલાસો કર્યો

મુંબઈ,

આ દિવસોમાં બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફ અને અક્ષય કુમાર તેમની આગામી ફિલ્મ બડે મિયાં ઔર છોટે મિયાંના પ્રમોશનમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં ટાઈગર શ્રોફે પહેલીવાર પોતાના રિલેશનશિપ સ્ટેટસ વિશે ખુલીને વાત કરી અને ઘણા મોટા ખુલાસા પણ કર્યા.

ટાઈગર શ્રોફનું નામ ઘણીવાર દિશા પટણી સાથે જોડાય છે. ભલે તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો હોય, પરંતુ ચાહકો હજી પણ આ જોડીને સાથે જોવાનું પસંદ કરે છે. જો કે, બંનેએ ક્યારેય આ સંબંધને સ્વીકાર્યો ન હતો અને હંમેશા એકબીજાને નજીકના મિત્રો કહેતા હતા. હાલમાં જ અભિનેતાએ જણાવ્યું કે તે હાલમાં કોને ડેટ કરી રહ્યો છે.આ મુજબ જ્યારે ટાઈગર શ્રોફને પૂછવામાં આવ્યું કે શું તે સિંગલ છે? તમારું જીવન કઈ દિશામાં જઈ રહ્યું છે? આ પ્રશ્નનો જવાબ આપતા અભિનેતાએ કહ્યું, 'મારી પાસે જીવનમાં એક જ દિશા છેપ અને તે છે મારું કામ. તમને જણાવી દઈએ કે આ પહેલા ફિલ્મ બડે મિયાં ઔર છોટે મિયાંના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં અક્ષય કુમારે ટાઈગર શ્રોફની મજાક ઉડાવી હતી

રાજામૌલીની ૧૦૦૦ કરોડમાં બની રહેલી ફિલ્મમાં આમિર ખાનની એન્ટ્રી થશે

મુંબઈ,

એસએસ રાજામૌલી અને મહેશ બાબુ દેશની સૌથી મોંઘી ફિલ્મ બનાવવા જઈ રહ્યાં છે. ૧૦૦૦ કરોડમાં બની રહેલી ફિલ્મમાં ખાસ રોલ માટે રાજમૌલીએ તેમને એપ્રોચ કર્યા છે. સાથે જ આને લઈને એક ગુપ્ત મુલાકાત કરી હોવાની વાત પણ સામે આવી રહી છે.

લાલ સિંહ ચઢ્ઢા ફિલ્મ ફ્લોપ થયા બાદથી આમિર ખાન મોટા પડદાથી દૂર છે. તેણે હજુ સુધી કોઈ ફિલ્મ સાઈન કરી નથી. પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે આમિર ખાન દિગ્ગજ નિર્દેશક એસએસ રાજામૌલીની આગામી ફિલ્મનો ભાગ બની શકે છે. વાસ્તવમાં ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે કે આમિર રાજામૌલી અને મહેશ બાબુની આગામી ફિલ્મમાં વિલન બની શકે છે. જો કે, લાંબા સમય સુધી મેકર્સ અને આમિર તરફથી આ અંગે કંઈ કહેવામાં આવ્યું ન હતું, જેના કારણે એવું માનવામાં આવતું હતું કે આ એક અફવા છે. પરંતુ હવે આ ફિલ્મ સાથે જોડાયેલ લેટેસ્ટ અપડેટને કારણે આવી ચર્ચાઓ ફરી તેજ થઈ ગઈ છે.

એસએસ રાજામૌલી અને મહેશ બાબુ દેશની સૌથી મોંઘી ફિલ્મ બનાવવા જઈ રહ્યાં છે. હાલ આ ફિલ્મને એસએસએમબી ૨૯ નામ આપવામાં આવ્યું છે. હાલ ફિલ્મનાં પ્રોડક્શન પર કામ ચાલી રહ્યું છે. અહેવાલો અનુસાર, બાહુબલી ફેમ ડાયરેક્ટર રાજામૌલી અને આમિર ખાને થોડા દિવસો પહેલા મુંબઈમાં એક ગુપ્ત મુલાકાત કરી હતી. બંનેની આ ગુપ્ત મુલાકાત બાદ ફરી એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મીટિંગ રાજામૌલી અને મહેશ બાબુની એસએસએમબી૨૯ માટે હતી. જો કે હજુ સત્તાવાર રીતે કંઈ પણ કહી શકાય તેમ નથી.

રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે રાજામૌલીએ એસએસએમબી ૨૯માં મહત્ત્વની ભૂમિકા માટે આમિર ખાનનો સંપર્ક કર્યો છે. જો આ સમાચાર સાચા હોય અને આમિર આ પ્રોજેક્ટનો ભાગ બને તો ચાહકોએ બીજી મોટી ફિલ્મ માટે તૈયાર થઈ જવું જોઈએ.

મ્યાનમારમાં સેનામાં ભરતી ન થનાર યુવાનો જેલ ભેગા થઈ રહ્યા છે

મ્યાનમાર

મ્યાનમારમાં લશ્કરી બળવા બાદ સૈન્ય શાસનને ત્રણ વર્ષથી વધુ સમયગાળો થયા બાદ કેટલાક સવાલ થઇ રહ્યા છે. સમય વીતવાની સાથે જ લોકશાહીનું સમર્થન કરનાર લોકોને હેરાન કરવાનો સિલસિલો વધુ તીવ્ર બની રહ્યો છે. અલબત્ત સેનાની ક્રૂર કાર્યવાહીની સાથે જ તેને લઇને વિરોધ પણ વધી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં બળવાખોરો સતત સેનાને પડકાર ફેંકી રહ્યા છે.આવી સ્થિતિમાં સેનાને કાર્યવાહી તીવ્ર કરવા માટે વધુ સૈનિકોની જરૂર છે. જેથી તે યુવાનોને સેનામાં સામેલ કરવા માટે ઇચ્છુક છે.જોકે યુવાનો સેનામાં સામેલ થવા માટે તૈયાર નથી. વિરોધ રોકવા માટે સેનાએ ફેબ્રુઆરીમાં આદેશ જારી કર્યો હતો. તે મુજબ ભરતી માટે ઇકાર કરનાર લોકોની ધરપકડ કરવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવશે. વિરોધ કરનાર યુવાનોને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવામાં આવશે.

કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ મધ્યપ્રદેશના ઈન્દોરમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી

ઈન્દોર,

કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ મધ્યપ્રદેશના ઈન્દોરમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મુંબઈના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફૈઝાન અંસારીએ અભિનેતા સલમાન ખાનની મજાક ઉડાવવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફૈઝાન અંસારીએ પોલીસ કમિશનરને કામરા સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. ફૈઝાન અંસારીએ એમ પણ કહ્યું છે કે જો કુણાલ કામરા માફી નહીં માગે તો તે તેની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરશે.

ઈન્દોર કમિશનરની ઓફિસમાં ફરિયાદ અરજી દાખલ કર્યા બાદ ફૈઝાન અંસારીએ કહ્યું કે કુણાલ કામરાએ સલમાન ખાન વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી હતી અને ઈન્દોરમાં તેની મજાક ઉડાવી હતી. તેથી જ તેઓ પોતાની ફરિયાદ નોંધાવવા ખાસ કરીને મુંબઈથી ઈન્દોર નોંધાવી છે.

કુણાલ કામરા વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, 'સલમાન ખાન ઈન્દોરનો રહેવાસી છે. હાલમાં જ કોમેડિયન કુણાલ કામરાએ એક લાઈવ શોમાં તેની મજાક ઉડાવી હતી. આ દ્વારા તેમની છબીને ખરડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જે કાયદા હેઠળ સજાપાત્ર ગુનો છે. તેથી તેમની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. સલમાન ખાન આ શહેરનો છે, તેથી લોકોને ખબર હોવી જોઈએ કે તેની ઈમેજ ખરાબ કરવા બદલ કેવા પ્રકારની સજા આપવામાં આવે છે.

શૈલેષ લોઢા પછી 'બબીતાજી' તારક 'મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોને છોડશે?

મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો એક પછી એક શોને છોડી રહ્યા છે. થોડા સમય અગાઉ તારક મહેતા એટલે કે શૈલેષ લોઢાએ શો છોડવાના સમાચાર આવ્યા હતા. પ્રશંસકો આ સમાચારમાંથી બહાર નીકળી શક્યા ન હતા કે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સૂત્રો મુજબ, બબીતાજી એટલે કે મુનમુન દત્તા પણ શોને અલવિદા કહી શકે છે.

મુનમુન દત્તાએ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'થી ઘણી લોકપ્રિયતા મેળવી છે. દર્શકો તેને બબીતાજીના નામથી સારી રીતે ઓળખે છે. આવી સ્થિતિમાં, તેના શો છોડવાના સમાચારથી ચાહકો ચોક્કસપણે નિરાશ થશે. મુનમુનને બિગ બોસ ઓટીટીના નિર્માતાઓએ તેની બીજી સિઝનમાં ભાગ લેવા માટે સંપર્ક કર્યો છે. જોકે, જો અભિનેત્રી આ માટે સંમત થાય છે તો એવી શક્યતા છે કે તે શો છોડી શકે છે. મુનમુન દત્તા વિશેના આ સમાચાર સોશિયલ મીડિયા પર જંગલની આગની જેમ ફેલાઈ ગયા છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

શૈલેષ લોઢાએ થોડા સમય પૂર્વે જ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોને અલવિદા કહી દીધું છે. શૈલેષ લોઢા શરૂઆતથી જ આ શો સાથે જોડાયેલા હતા અને તેમની અને જેઠાલાલની મિત્રતા જોવા જેવી હતી. હવે તે 'વાહ ભાઈ વાહ' શોને હોસ્ટ કરશે. તેણે તેનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. આ શોમાં આવનાર કવિઓને તેમની પ્રતિભા દર્શાવવાનો મોકો મળશે.

રશિયન કોન્સર્ટ હોલ હુમલાખોરની કબૂલાત

માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી



મોસ્કો,

મોસ્કોમાં ભરચક કોન્સર્ટ હોલમાં હુમલો કરનાર આતંકવાદીઓએ માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી હતી. હુમલા બાદ આ આતંકીઓ યુક્રેન ભાગી જવાના હતા. આ માટે તેણે બે રસ્તા પસંદ કર્યા હતા. સરહદ પર એક વ્યક્તિ મળવા જઈ રહ્યો હતો જે આતંકવાદીઓને યુક્રેનની સરહદમાં પ્રવેશવા દેશે. કિવમાં તેને રોકડ રકમ ચૂકવવાની હતી. આતંકીઓએ ખુદ રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ સમક્ષ આ વાતની કબૂલાત કરી છે. ગયા મહિને, ૨૨ માર્ચે, ચાર તાજિક નાગરિકોએ મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો અને બિલ્ડિંગને આગ લગાવી દીધી. આ હુમલામાં લગભગ ૧૪૫ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ ઘાયલ થયા હતા. હુમલાખોરો યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, વધુ શકમંદોની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી મોટાભાગના તાજિક મૂળના હતા. મોસ્કો પરના હુમલાની જવાબદારી જેહાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રાંત અથવા "જૈંજી દ્વારા લેવામાં આવી હતી, જોકે ફેડરલ સિક્યુરિટી સર્વિસના વડા, એલેક્ઝાંડરનું માનવું હતું કે આ હુમલામાં યુએસ, યુકે અને યુક્રેન પણ સામેલ હોઈ શકે છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આ દેશનો ઉપયોગ ઈસ્લામવાદીઓ માટે પ્રોક્સી તરીકે થઈ રહ્યો છે. એફએસબીના જણાવ્યા અનુસાર, સૈફુલ્લાહ મોસ્કોમાં હુમલો કરનારા આતંકવાદીઓનો હેન્ડલર હતો. આતંકવાદીઓ તેની સૂચનાનું પાલન કરી રહ્યા હતા. ઘ્રજીમ્દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પણ આતંકી તેનો ઉલ્લેખ કરતો જોવા મળી રહ્યો છે. તેમના કહેવા પ્રમાણે, હુમલા બાદ આતંકીઓને યુક્રેન ભાગી જવા માટે કહેવામાં આવ્યું હતું. જ્યાં તેમને ૧૦ લાખ રુબેલ્સ એટલે કે અંદાજે ૯ લાખ રૂપિયા પ્રતિ વ્યક્તિ મળવાના હતા. હુમલાના આરોપીએ જણાવ્યું કે સૈફુલ્લાહે કહ્યું હતું કે યુક્રેનની સરહદે પહોંચો, ત્યાંથી અમે યુક્રેન પહોંચવામાં મદદ કરીશું. મોસ્કોમાં હુમલાના આરોપી આતંકવાદીઓને યુક્રેનની સરહદથી લગભગ ૧૪૦ કિમી દૂર રોકવામાં આવ્યા હતા. આરોપીએ જણાવ્યું કે તેને કારને યુક્રેન બોર્ડર પર મૂકવા અને પછી હેન્ડલરને આગળની સૂચનાઓ માટે કૉલ કરવા માટે રોકવા માટે કહેવામાં આવ્યું. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુક્રેન સરહદ પર ચુયકોવકા અને સોપિચ ગામોની નજીક યુક્રેન સતત વિનાશક ગતિવિધિઓ કરી રહ્યું છે.

રાજકોટના આંગણે ઓર્ગેનિક ખેડૂત હાટનું ભવ્ય આયોજન

આત્મીય યુનિ. કેમ્પસમાં યોગીધામ અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસીય ઓર્ગેનિક ખેતીના અભિયાનને પ્રોત્સાહિત કરાશે

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના આંગણે આગામી તા. ૧૨થી ૧૪ સુધી રાજકોટમાં કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં ત્રણ દિવસ માટે ઓર્ગેનિક ખેડૂત હાટના માધ્યમથી ઓર્ગેનિક ખેતપેદાશોના પ્રદર્શન-વેચાણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.જી.સી.સી.આઈ.ના સ્થાપક અને ભારત સરકારના પૂર્વમંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યુ હતું કે આઝાદીના અમૃતકાળમાં ઝેરમુકત ખેતી-ગૌ આધારિત ખેતી અભિયાન દ્વારા જમીનને ઉર્વરાયુક્ત અને સમાજને સ્વસ્થ અને નિરોગી બનાવવાના ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે. અનેક ખેડૂતો ગૌ આધારિત કૃષિ અભિયાનમાં સજીવ ખેતી, ઝેરમુકત ખેતી, ઓર્ગેનીક ફાર્મીંગ, પાલેકર કૃષિ, પ્રાકૃતિક કૃષિ જેવા વિવિધ નામોથી કૃષિ ઉત્પાદનો કરી રહ્યા છે. સમાજમાં હજુ ઓર્ગેનિક પ્રોડક્ટસના ગુણો અંગે જાગૃતિના અભાવના કારણે આવા ખેડૂતોને માર્કેટ સરળતાથી ઉપલબ્ધ થતું નથી. જયારે સમજદાર વર્ગ ઝેરમુક્ત અનાજ, કઠોળ, ફળફળાદી, શાકભાજી ખરીદવા માટે માંગ કરી રહ્યો છે, પરંતુ તેમને ક્યાંથી ભરોસાપાત્ર ઉત્પાદનો મળશે તે ખ્યાલ નથી. ઉપરોક્ત ઉત્પાદક એટલે કે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કરતા ખેડૂતો અને ઉપભોકતા એટલે પ્રાકૃતિક કૃષિને સમજતા ગ્રાહકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ગ્લોબલ ક્વફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઇન્ડસ્ટ્રીઝ, યોગીધામ (આત્મીય યુનિવર્સિટી) અને નવરંગ નેચર ક્લબના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ઓર્ગેનિક ખેતીના અભિયાનને પ્રોત્સાહિત કરવા ઓર્ગેનિક ખેડૂત હાટનું આયોજન કરેલ છે.

નવરંગ નેચર કલબના વી. ડી. બાલાએ જણાવ્યુ હતું કે આ ઓર્ગેનિક ખેડૂત હાટમાં ઓર્ગેનિક પ્રોડક્ટ જેવી કે અનાજ, કઠોળ, મરી-મસાલા, ગૌ આધારિત પ્રોડક્ટસ, ઇત્યાદિ વસ્તુઓના વેચાણ માટે સ્ટોલ્સ રાખવામા આવ્યા છે. ઓર્ગેનિક ખેડૂત હાટમાં દેશી ગાયનું ઘી, તેલ, પંચગવ્યમાંથી બનાવેલ ગૌમુત્ર અર્ક, સાબુ, શેમ્પૂ, ફીનાઇલ, નસ્ય, ટીપા, સેનીટાઈઝર અને ગાયના ગોબરના દીવા, દેવી-દેવતાની મૂર્તિ, ટેબલ પીસ, ઘડિયાળ, પેઈન્ટ, માળા, રાખડી જેવી પ્રોડક્ટ પણ ઉપલબ્ધ હશે.

ઓર્ગેનીક ખેડૂત હાટને સંપૂર્ણ સફળ બનાવવા માટે ડો. વલ્લભભાઈ કથીરિયા, હંસરાજભાઈ ગજેરા, મિતલ ખેતાણી, વીરાભાઈ હુંબલ, વી. ડી બાલા, રમેશભાઈ ઘેટીયા, પ્રવીણભાઈ આસોદરીયા, દિનેશભાઇ પટેલ, હિમાંશુભાઈ લીંબાસીયા, ગોપાલભાઈ બાલધા, રાજાભાઈ- વાવડી, વિનોદભાઇ કાછડીયા, વિશાલભાઈ ચાવડા, દિલીપભાઈ સખિયા, જીગ્નેશ રાઠોડ, તુષાર પટેલ, કૌશિક પટેલ, રમેશભાઈ પરમાર, તેજસ ચોટલિયા, હરેશભાઈ પંડયા, મુરલીભાઈ દવે, અરૂણ નિર્મળ, નિલેશ શાહ, કાળુ મામા, બી. બી. કાબરીયા, પ્રભાતભાઈ ડાંગર, સુરેશ પરમાર, અશોક હિંડોચા, તૃપ્તિબેન રાજવીર, રમાબેન હેરભા, વૈશાલીબેન આશર, વગેરે જહેમત ઊઠાવી રહ્યા છે.

મુખ્ય જેલ વડા ડો.કે.એલ.એન.રાવ રાજકોટમાં : જેલની મુલાકાત લીધી

તસવીર : દિલિપ ગોહેલ

રાજ્યના મુખ્યા જેલ વડા એડી.ડીજી લેવલનાં સિનિયર આઈપીએસ ડો.કે. એલ.એન રાવ દ્વારા રાજ્યો ની જેલોને નમૂનેદાર બનાવવા સાથે કેદીઓ આત્મં નિર્ભર બને સરકારની વિવિધ યોજનાઓનો લાભ કેદીઓનાં પરિવારને મળે તે માટે સતત ઝઝૂમી રહેલા ડો કે.એલ.એન.રાવ રાજકોટમાં સેન્ટ્રલ જેલની મુલાકાતે પહોંચી જેલમાં સફારી બ્રાન્ડ. ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ અને ફર્નિચર ઉદ્યોગ સ્થારપી કેવી રીતે વધુ રોજગારી આપી શકાય તે માટે રાજકોટ જેલના જેલ સુપ્રિ. તથા નાયબ જેલ અધિક્ષક અજયસિંહ જાડેજા વિગેરે સાથે ચર્ચા કરી હોવાનું જેલ સૂત્રોએ જણાવ્યુ હતું

ચેટીચાંદ પર્વ નિમિત્તે ભવ્ય રેલીનું પ્રસ્થાન કરાવતા પરસોતમ રૂપાલા

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

આજે સિંધી સમાજનો પવિત્ર તહેવાર ચેટીચાંદ નિમિત્તે ભવ્ય સ્કૂટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રાસલીલા ક્લબ દ્વારા સ્કૂટર રેલીને આવકારવામાં આવી હતી. આ તકે રાજકોટ લોકસભા ઉમેદવાર પરષોતમ રૂપાલા, રામભાઈ મોકરીયા, ડો. દર્શિતા શાહ સહિતના મહાનુભાવોએ ઝુલેલાલ મંદિરે શીશ ઝુકાવી ધર્મગુરુના આશીર્વાદ મેળવ્યા હતા અને ધર્મગુરુએ પરષોતમ રૂપાલાને આશીર્વાદ પાઠવી શુભકામના પાઠવી હતી ત્યારે બાદ ઝંડી ફરકાવી પરષોતમ રૂપાલાએ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

રાજકોટ મનપા દ્વારા વોંકળાની સફાઈ : ગાર કચરાનો નિકાલ

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટ મહાપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગદ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન હેઠળ પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૦૯-૦૪-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૨, ૪, ૫, ૬, ૭ અને ૯માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી. પૂર્વ ઝોનના વોર્ડ નં.૪ ધોળકીયા સ્કૂલ પાસે, વોર્ડ નં. ૫ ચામુંડા ટી સ્ટોલ પાસે ગ્રીનલેન્ડ ચોકડી પાસે, વોર્ડ નં.૬ શાળા નં ૧૩ અને ટી.સી. પાસે, વોર્ડ નં.૪ વોર્ડ ઓફિસ સામે, રોહિદાસપરા વોકળામાં જેસીબી ડમ્પરથી સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.

મધ્ય ઝોનના વોર્ડ નં. ૭ મણી માની વાડીમાં વોકળા સફાઈ જેસીબી ડમ્પર દ્વારા વોર્ડ નં.૭ મનહર પ્લોટ-૮ વોકળા સફાઈ, વોર્ડ નં.૨ જૈન દેરાસર પાસે નાળા વોકળા સફાઈ, વોર્ડ નં.૨ એરપોર્ટ ફાટક પાસે રાજકૃતિ એપાર્ટમેન્ટ પાછળ વોકળા સફાઈ કરવામાં આવેલ હતી. પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૯ રૈયા, પામ યુનિવર્સ પાસે તથા સવન એપાર્ટમેન્ટ પાસે મેન્યુલ તથા જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈ કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત વિગતે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ તથા નાયબ કમિશનર સ્વપ્નિલ ખરેની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી કરવામાં આવેલ છે. જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

રાજકોટમાં સફાઈ કામદારની પ્રેરક પ્રમાણીકતા : પાકીટ સુપ્રત કર્યું

રાજકોટ,

રાજકોટ શહેરના રેસકોર્સ રીંગ પર પેટ્રોલ પંપ પાસે મુફદલભાઈનું રોકડ રકમ, એટીએમ કાર્ડ સહિત અન્ય ડોકયુમેન્ટ સાથેનું પાકીટ પડી ગયેલ.

આ પાકીટ વોર્ડ નં. ૨ ના સફાઈ કર્મી મીતેશભાઈ ઘાવરીને મળતા તેમણે વોર્ડ ઓફીસ ખાતે એસઆઈ નિરવભાઈ દવે તથા ઘનશ્યાડમભાઈ ચૌહાણને સુપ્રત કરી મુળ માલીક મુફદલભાઈને ઘરે જઈ જાણ કરી પાકીટ વોર્ડ ઓફીસ ખાતેથી લેવા જણાવ્યું હતું. મુફદલભાઈએ પાકીટ મળતા મીતેશભાઈનો આભાર માન્યો હતો. વોર્ડના અધિકારીઓએ પણ મીતેશભાઈની પ્રમાણીકતાને બીરદાવી અભિનંદન આપ્યા હતાં.

શાપર ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનનો મતદાન માટે અનોખો અભિગમ આંગળીમાં ટપકું બતાવે તેને બોનસરૂપે વધારાની રજા

રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન વધારવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે કરાયેલા સમજૂતી કરાર શૃંખલા અન્વયે આ એમ.ઓ.યુ. કરનારા શાપર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ શ્રી કિશોરભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, તેમના સંગઠનમાં ૨૫૦૦ જેટલા સભ્યો છે અને અંદાજે ૧.૭૫ લાખ જેટલા કારીગરો આ બધા ઉદ્યોગોમાં કામ કરે છે.

મતદાન જાગૃતિ માટે અમે ઉદ્યોગોના માલિકો માટે ખાસ કાર્યક્રમ યોજીશું. ઉપરાંત મતદાનના આગળના દિવસે તમામને મેઈલ કરીને અચૂક મતદાનની જાણ તથા અપીલ કરીશું.

મતદાનના દિવસે તમામ કારીગરોને સવેતન રજા આપીએ જ છીએ. આ સાથે જે કારીગર બીજા દિવસે આંગળીમાં મતદાનનું ટપકું બતાવે તેને વધારાની એક રજા બોનસ સ્વરૂપે આપીશું. આમ મતદાન માટે અમે કારીગરોને પ્રેરિત કરીએ છીએ. જો મતદાન જાગૃતિ માટે કોઈ સામગ્રીની જરૂર જણાય તો જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમને પૂરો સહયોગ આપવામાં આવે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજકોટ લોકસભાની ચૂંટણી પર નજર રાખવા જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વરની કરાઈ નિમણૂક

રાજકોટ

રાજકોટ ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી બનતા ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજય દ્વારા જનરલ ઓબ્ઝર્વર તરીકે ૨૦૧૦ ની બેચના આઈ.એ.એસ નેહા ગિરી ની ૧૦-રાજકોટ સંસદીય વિસ્તારના નિરીક્ષક તરીકે નિમણૂંક કરાઈ છે. જયારે લો એન્ડ ઓર્ડરની કામગીરીની દેખરેખ માટે પોલીસ ઓબ્ઝર્વર તરીકે ૨૦૧૧ ની બેચના આઈ.પી.એસ. ચંદન કુમાર ઝા ની નિમણુંક કરવામાં આવી છે. આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શી તેમજ નિયમાનુસાર પૂર્ણ થાય તે હેતુ જનરલ ઓબ્ઝર્વર નેહા ગિરી તેમજ પોલીસ ઓબ્ઝર્વર ચંદન કુમાર ઝા ૧૦- રાજકોટ સંસદીય વિસ્તાર હેઠળ ૬૮ થી ૭૫ વિધાનસભા મત વિસ્તારની કામગીરી પર દેખરેખ રાખશે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મતદાન જાગૃતિ માટે વોટ્સએપ થકી પ્રચાર-પ્રસાર

રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન વધારવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ એમ.ઓ.યુ. કરનારા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીલ એસોસિએશનના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવે જણાવ્યું હતું કે, અમારા સંગઠનમાં ૨૭૦૦ સભ્યો ઉપરાંત ૧૦૮ એસોસિએશન અને પ્રત્યક્ષ તથા પરોક્ષ મળીને આશરે ૭૦ હજાર જેટલા લોકો સંકળાયેલા છે. આ તમામ લોકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે અમારા વોટસ્એપ ગ્રૂપમાં ખાસ અપીલ કરીએ છીએ અને મતદાન જાગૃતિના વિવિધ વીડિયો કિલપ, પોસ્ટર્સ, ફ્લાયર્સ વગેરે મોકલીએ છીએ. જરૂર પડ્યે સભ્યોમાં જાગૃતિ લાવવા અવેરનેસ કાર્યક્રમ પણ યોજીશું.

વિધાનસભા ૬૮-૭૦માં ભાજપ દ્વારા 'મોદી પરિવાર' સભાઓ યોજાઈ

નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીભર્યા અને મજબૂત નેતૃત્વને કારણે દેશ હકારાત્મક અને યોગ્ય દિશામાં આગળ વધી રહ્યો છે: ડો. ભરતભાઈ બોઘરા

રાજકોટ

લોક્સભા ચૂંટણીના પડઘમ વાગી ગયા છે અને ભાજપ ધ્વારા જોરશોરથી પ્રચાર-પ્રસાર કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારે પ્રદેશ ભાજપની યોજનાનુસાર ગુજરાતમાં ભાજપ ધ્વારા ચાર હજારથી વધુ મોદી પિરવાર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ થી ૧૨ બુથદીઠ એક સભા યોજવાનુ આયોજન હોય રાજયના ૫૦ હજારથી વધુ બુથમાં મોદી પિરવાર સભા યોજાશે. આ મોદી પિરવાર સભામાં ભાજપ આગેવાનો ધ્વારા મોદી સરકારની અને ગુજરાત સરકારની સિધ્ધીઓ વર્ણવી જનતા સુધી પહોંચાડાઈ અને કમળ ને ચૂંટી કાઢવા અપિલ કરાઈ રહી છે.

ત્યારે રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહં ઝાલાના માર્ગદર્શન હેઠળ પ્રચાર-પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે તા. ૮ એપ્રિલ થી તા.૧૬ એપ્રિલ સુધી ૮૫ થી વધુ મોદી પિરવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત રાજકોટ મહાનગરમાં વિધાનસભા વાઈઝ મોદી પિરવાર સભાનો વિવિધ વોર્ડમાં જોર-શોરથી પ્રારંભ કરવામાં આવેલ છે, જેના ભાગરૂપે ઉપસ્થિત ભાજપ અગ્રણીઓ ધ્વારા ભારતીય જનતા પાર્ટી ધ્વારા રાજકોટ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતીથી ચૂંટી કાઢવા માટે અપિલ કરવામાં આવી હતી.

એનએસઈ એમડી અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના સ્ટોક્સની ભલામણ કરતા નકલી પર ભરોસો ન કરવો

રાજકોટ

અમારા ધ્યાનમાં આવ્યું છે કે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એનએસઈના એમડી અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના ચહેરા/અવાજ તથા એનએસઈના લોગો ને કેટલીક ઈન્વેસ્ટમેન્ટ અને એડવાઈઝરી ઓડિયો તથા વીડિયો ક્લિપમાં બનાવટી રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એનએસઈના એમડી અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના અવાજ તથા ચહેરાના હાવભાવને અનુસરતા હોય તેવા આ પ્રકારના વીડિયો બનાવવામાં આવ્યા હોય તેમ જણાય છે. રોકાણકારોને અત્રે ચેતવણી આપવામાં આવે છે કે આવા ઓડિયો કે વીડિયો પર ભરોસો ન કરવો અને આવા બનાવટી વીડિયો કે અન્ય માધ્યમોથી મળતી આવી કોઈપણ પ્રકારની રોકાણ કે અન્ય કોઈ સલાહને ન અનુસરવી. અત્રે નોંધનીય છે કે એનએસઈના કર્મચારીઓને આવા શેરોમાં સોદા કરવા કે અન્ય કોઈ શેરની ભલામણ કરવાની સત્તા નથી. આ ઉપરાંત, એનએસઈ જ્યાં પણ શક્ય બને ત્યાં આવા વાંધાજનક વીડિયો હટાવી દેવા માટે આ પ્લેટફોર્મ્સને વિનંતી કરવાના પ્રયાસો કરે છે. અત્રે દરેકને વિનંતી કરવામાં આવે છે કે તેઓ એનએસઈના વતી મોકલવામાં આવેલા કમ્યૂનિકેશન અને કન્ટેન્ટના સ્ત્રોતને વેરિફાઇ કરે અને ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ્સ તપાસે. તમામ રોકાણકારોને અત્રે આ બાબતની નોંધ લેવા અને એનએસઈ અથવા સત્તાવાર માહિતી તરીકેતેની વેબસાઈટ www.nseindia.com તરફથી કે તેના અધિકારીઓ તરફથી મળતી માહિતી વેરિફાઈ કરવા વિનંતી કરવામાં આવે છે. રોકાણકારો અને જાહેર જનતાને ઉપરોક્ત બાબતની નોંધ લેવા સલાહ આપવામાં આવે છે.

જામનગરમાં ઝુલેલાલ જયંતિની આસ્થાભેર ઉજવણી : વિશાળ બાઈક રેલી

સિંધી સમાજના ભાઈઓ-બહેનો દર્શનાર્થે ઉમટી પડ્યા : ઝુલેલાલ મંદિરમાં મહા આરતી સમુહ જનોઈ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં આજે સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ જયંતિની ભારે આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે, શહેરના ત્રણ બત્તી વિસ્તારમાં આવેલા ભગવાન ઝૂલેલાલ મંદિરે સવારે મહા આરતી કરવામાં આવી હતી, ત્યારે બહોળી સંખ્યામાં સિંધી સમાજના ભાઈઓ બહેનો દર્શનાર્થે કતારબંધ ગોઠવાયા હતા, અને ભગવાન ઝૂલેલાલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત વિશાળ બાઈક રેલી યોજાઈ હતી.

જામનગરમાં ત્રણબત્તી વિસ્તારમાં આવેલા ભગવાન ઝૂલેલાલના મંદિરે ચેટીચાંદના પર્વને લઈને વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે અને ઝુલેલાલ મંદિરને ઝળહળતી રોશનીથી સજ્જ બનાવી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત ત્રણ બત્તી વિસ્તારમાં ખાસ કરીને ઝૂલેલાલ ચોકમાં પ્રસ્થાપિત ભગવાન ઝુલેલાલ ભગવાનની પ્રતિમા કે જેની ફરતે ભવ્ય રોશની ગોઠવાઈ છે. તેમજ સમગ્ર સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલની પ્રતિમાને હારતોરા કરી પૂજન અર્ચન કરાયું હતું. સિંધી સમાજ દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વખતે પણ ઝૂલેલાલ જયંતિની ભવ્ય ઉજવણી થઈ રહી છે. ભજન- કીર્તન- મહા આરતી- પાઠ તેમજ સમુહ જનોઇ અને ગીત સંગીતના કાર્યક્રમો તેમજ બાઈક રેલી અને શોભા યાત્રા સહિતના આયોજન હાથ ધરાયા હતા. આ તમામ કાર્યક્રમોમાં સિંધી સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

જામનગરમાં ભાજપના કાર્યક્રમમાં ક્ષત્રિયાણીઓએ દોડી આવી સૂત્રોચ્ચાર કરી હંગામો મચાવ્યો

રૂપાલા હાય હાયના સુત્રો પોકારી સ્ટેજ પર ચડી ગઈ : પોલીસે મહિલાઓને દૂર ખસેડી મામલો થાળે પાડ્યો

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નિલકમલ સોસાયટી વિસ્તારમાં ભાજપ દ્વારા મોદી પરિવાર સભા યોજવામાં આવી હતી. જેમાં ક્ષત્રિયાણીઓએ પહોંચી જઈ ખલેલ પહોંચાડી હતી અને રૂપાલા હાય હાય અને રૂપાલાની ટિકિટ રદ કરોના સૂત્રોચાર શરૂ કરી દેતાં ભારે હલચલ ગઈ હતી અને સ્ટેજ પર બેઠેલાં ભાજપના પૂર્વ મંત્રી, પૂર્વ મેયર સહિતના હોદ્દેદારો અસમંજસમાં મુકાયા હતા. ત્યારે કેટલીક ખુરશીઓ પણ ક્ષત્રિયાણીઓ દ્વારા ઉપાડીને ફેકવામાં આવી હતી. જેથી વાતાવરણ તંગ બની ગયું હતું. જો કે, પોલીસ ટુકડીએ સમય સૂચકતા વાપરી તમામ રાજપૂત બહેનોને ત્યાંથી દૂર કર્યા હતા. જેથી મામલો શાંત થયો હતો.જામનગરના નીલકમલ સોસાયટી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા મોદીનો પરિવાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂર્વ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી, પૂર્વ મેંયર અમીબેન પરીખ, પૂર્વ મેયર બીનાબેન કોઠારી, પૂર્વ શહેર પ્રમુખ હસમુખ હિડોચા, શાસક જૂથના નેતા આશિષ જોશી, ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક હોદ્દેદારો શહેર મહામંત્રી વગેરે સ્ટેજ પર બેઠા હતા અને કેટલાક ભાજપના સમર્થકો ની હાજરીમાં કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. તેની થોડી ક્ષણોમાં જ કેટલાક સ્થાનિક ક્ષત્રિય મહિલાઓ પોતાના બાળકો વગેરે સાથે મંચ પર ધસી આવ્યા હતા અને રૂપાલા હાયના નારા લગાવ્યા હતા. રૂપાલાની ટિકિટ રદ કરો જેવી માંગણી કરી કાર્યક્રમમાં ખલેલ પહોંચાડી હતી. જ્યારે સ્ટેજ પર પાછળના ભાગમાં ખાલી રહેલી બે-ત્રણ ખુરશીઓ પણ ઉચકીને ફેંકી હતી. દરમિયાન મહિલા પોલીસ સહિતની ટુકડી મંચ પર આવી પહોંચી હતી અને રાજપૂત સમાજના બહેનોને ભારે સમજાવટ કર્યા પછી એક પછી એક કરીને મહિલાને મંચથી દૂર લઈ ગયા હતા.

ત્યારબાદ મામલો થાળે પડ્યો હતો અને ભાજપ દ્વારા કાર્યક્રમ આગળ ધપાવવામાં આવ્યો હતો. ત્યાં સુધી મનસુખ પર બેઠેલા ભાજપના અગ્રણીઓ તથા શ્રોતાગણ ભારે અસમંજસમાં મુકાયા હતા.

જામ્યુકોના સીટી ઈજનેર પાસે ખંડણી માંગનાર પૂર્વ કોર્પોરેટરની આગોતરા જામીન અરજી નામંજૂર

જામનગર : જામનગરમાં ગત માસે મહાનગરપાલિકાના અધિકારી પાસે ખંડણી માંગવા અંગેની નોંધાયેલ ફરિયાદના ચકચારી કેસમા ધરપકડ થવાની દહેશતથી કોર્પોરેટર પતી એવા આરોપી તેજશી ઉર્ફે દીપુભાઈ વાલજીભાઈ પારીયાએ સેશન્સ કોર્ટમા કરેલ આગોતરા જામીન અરજી રદ કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકાના સિટી એન્જિનિયર ભાવેશ જાની પોતાની હોદાની રૂએ ફરજ બજાવતા હતા ત્યારે જામનગર શહેરના વોર્ડ નં. ૭ ના એક અરજદારે ઈમ્પેકટ એકટ હેઠળ તેઓનુ બાંધકામ રેગ્યુલરાઈઝ કરવા અગાઉ અરજી કરેલ હોય અને જે અરજી નામંજુર થયેલ હોય અને ફરીયાદીને કહેલ કે જો તમે રદ કરશો તો તમોને એટ્રોસીટી એકટ હેઠળના કેસમા ફસાવી દઈશ અને હેરાન કરી નાખીશ તેવી આરોપી તેજશી ઉર્ફે દીપુ પારીયાએ અધિકારીની ચેમ્બરમાં જઈ ધાકધમકી આપી હતી. અને સારી રીતે નોકરી કરવી હોય તો દર મહિને એક લાખના હપ્તાની માગણી કરેલ અને જો હપ્તો નહી આપો તો જીવવા નહી દઉ અને ખોટા કેસમા ફસાવી દઈશ તેમ ધમકી આપી શર્ટનો કાઠલો પકડી અગાઉ નામંજુર થયેલ ફાઈલ ગેર કાયદેસર મંજુર કરી આપવા દબાણ કર્યું હતું. અને માનસિક દબાણ આપી પૈસા પડાવવાની કોશીસ કરી હતી. ત્યારબાદ સીટી ઈજનેર દ્વારા દિપુ પરિયા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી ધરપકકડથી બચવા આરોપીએ જામનગરની સેશનસ અદાલતમા આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી જેની સુનવણી સેશન્સ કોર્ટમાં ચાલી જતા જીલ્લા સરકારી વકીલ જમનકુમાર ભંડેરીએ અદાલતમા તપાસનીશ અધિકારીના સોગંદના મુજબ ધારદાર દલીલ કરેલ અને હજુ કેસની તપાસ ચાલુ હોય જેથી આરોપીની કસ્ટડી જરૂરી હોય, અદાલતે જીલ્લા સરકારી વકીલ જમનકુમાર ભંડેરીની રજુઆત તપાસનીશ પોલીસ અધિકારીનુ સોગંદનામુ વિગેરે ધ્યાને લઈને આરોપીની આગોતરુ જામીન અરજી રદ કરી છે.

જામનગરમાં નિવૃત્ત ડીવાયએસપીની કિંમતી જગ્યા પચાવી પાડનાર શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં તેજ પ્રકાશ સોસાયટી વિસ્તારમાં રહેતા નિવૃત્ત ડી.વાય.એસ.પી. ની પટેલ કોલોની શેરી નંબર ૯ માં આવેલી ૨૦૦૦ ફૂટ માં બાંધકામ વાળી 'ગીતા નીવાસ' વાળી મિલકત પચાવી પાડવા અંગે પટેલ કોલોનીમાં જ રહેતા એક શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ અંગેનો ગુનો નોંધાવાતા ભારે ચકચાર જાગી છે. નિવૃત પોલીસ અધિકારી દ્વારા પોતાની જગ્યા પચાવી પાડવા અંગે જિલ્લા કલેક્ટરમાં લેન્ડ ગ્રેબિંગ અંગે અરજી કરાયા પછી તપાસના અંતે આ ગુનો દાખલ કરાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં તેજ પ્રકાશ સોસાયટીમાં રહેતા નિવૃત્ત ડીવાયએસપી ધર્મેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા કે જેઓની વારસાગત માલિકીની આશરે ૨,૦૦૦ ફૂટ જેટલી જગ્યા પટેલ કોલોની શેરી નંબર ૯ ના છેડે શાંતિનગર શેરી નંબર ૩ વાળા વિસ્તારમાં આવેલી છે, અને તે જગ્યા ગીતા નિવાસ તરીકે ઓળખાય છે. ઉપરોક્ત જગ્યા વોર્ડ નંબર ૧૨, સીટ નંબર ૫૮, સીટી સર્વે નંબર ૬૦૬૪ જેનું શેત્રફળ ૧૮૫.૨૯ અને પાકા બાંધકામ વાળી જગ્યા છે. જે મકાન ફરિયાદી ધર્મેન્દ્રસિંહ જાડેજાને તેમના માતાના વારસાઈમાં મળેલી છે. ઉપરોક્ત જગ્યાનો કબજો હાલ પટેલ કોલોની શેરી નંબર ૯ ના છેડે રહેતા ઋષિરાજસિંહ તખુભા જાડેજાએ રાખી લીધો હોવાનું અને તે મિલકત પચાવી પાડવાના ઈરાદે ખાલી નહીં કરતા હોવાનું જણાવી તેઓએ સૌપ્રથમ જામનગરના જિલ્લા કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટ અનુસંધાને અરજી કરી હતી. જે અરજીમાં કલેકટર દ્વારા પોલીસ તપાસનો હુકમ થયો હતો, અને સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ઉપરોક્ત જગ્યાનું સર્વે કરીને તેનો રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા પોલીસ વડા મારફતે જિલ્લા કલેકટર સમક્ષ મોકલાવામાં આવ્યો હતો. જેમાં ઉપરોક્ત જગ્યાનો ગેરકાયદે કબજો હોવાનું તારણ નીકળ્યું હતું. જેના અનુસંધાને જિલ્લા કલેકટર દ્વારા આ ગેરકાયદે દબાણ સંબંધે લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંગે ગુનો નોંધવાનો જિલ્લા પોલીસવડાને હુકમ કરાયો હતો. આથી નિવૃત્ત ડીવાયએસપી ધર્મેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદના આધારે સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ઋષિરાજસિંહ જાડેજા સામે ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધિત) વિધેયક ૨૦૨૦ ની કલમ ૪ (૩) ૫ (ગ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે, અને શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા દ્વારા આ પ્રકરણમાં તપાસનો દોર હાથમાં લેવાયો છે.

જામનગરમાં ટ્રાફિક ડ્રાઈવમાં ૨૦ બૂલેટ ડીટેઈન

જામનગર : જામનગરમાં છેલ્લા એકાદ વર્ષથી બૂલેટનો ક્રેઝ વધ્યો છે અને બૂલેટમાં જુદા જુદા અવાજના સાયલેન્સરો લગાડી મોટા મોટા અવાજે ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા હોવાથી ગઈકાલે જામનગર ટ્રાફિક શાખાના પીઆઈ એમ. બી. ગજજરની આગેવાનીમાં પીએસઆઈ આર. ડી. ગોહિલ, આર. એલ. કંડોરિયા, બી. જે. તીરકર, આર. સી. જાડેજા સહિતની જુદી જુદી ટીમો બનાવી શહેરના સાત રસ્તા, બેડી ગેઈટ, એસ ટી રોડ, સમર્પણ ચોકડી, દિગ્જામ સર્કલ, ગુલાબનગર, લાલપુર બાયપાસ ચોકડી, નૂરી ચોકડી, દરબારગઢ સહિતના વિસ્તાર પર બૂલેટની સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં મોટા અવાજવાળા સાયલેન્સરો ફીટ કરી તેમજ ફેન્સી નંબર પ્લેટવાળા, સ્પીડમાં બૂલેટ ચલાવતા સહિતના મુદ્દાઓને ટાંકીને કાર્યવાહી હાથ ધરી હતી. સાંજે ૬ વાગ્યા સુધીમાં ૨૦ થી વધુ બૂલેટો ચલાવનારાઓએ ગલી પકડી ઘરે પહોંચ્યા હતા. પરંતુ ટ્રાફિક પોલીસે મોડી રાત સુધી આ કામગીરી ચાલુ રાખી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, છેલ્લા થોડા સમયથી ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ સામે લાલ આંખ કરી છે. પીઆઈ ગજ્જરની આગેવાનીમાં અગાઉ બસો, કારમાંથી બ્લેક ફિલ્મો ઉતારવા સહિતની કામગીરી કરી છે. આડેધડ પાર્ક કરેલી ફોર વ્હીલર ગાડીને લોક કરીને પણ દંડાત્મક કાર્યવાહી કરી છે.

રૂપાલાના વિરોધમાં બહેનોએ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ : જામસાહેબ

બહેનોએ જૌહર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, લોકશકિતએ ભેગા મળી લોકશાહી અનુરૂપ સજા કરવી તે યોગ્ય છે

જામનગર : રાજકોટ લોકસભાની બેઠકમાં ભાજપના ઉમેદવાર દ્વારા રાજપૂત સમાજ વિશે કરવામાં આવેલી ટિપ્પણી સામે જામનગરના પૂર્વ રાજવીએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે અને બહેનોને જોહર નહી કરવા, પરંતુ ચૂંટણીમાં તેમને હરાવવા જણાવ્યું છે.

જામનગરના પૂર્વ રાજવી જામ સાહેબ શ્રી શત્રુશલયસિંહજી જાડેજા એક પત્ર મારફતે પોતના મંતવ્યમાં જણાવ્યા મુજબ આ બારામાં હજુ સુધી કઈ વધુ પડતું નથી બન્યું. તે મારા હિસાબે સારી વાત છે. કારણ કે, કોઈ આપણું ખરાબ બોલી અપમાન કરે, તો તેના અનુસંધાને આપણે પોતાની જાતને ભયંકર સજા ન આપવાની હોય. પરંતુ, અયોગ્ય વાત બોલવાનો ગુન્હો કરે તેની સજા થવી જોઈએ.

જે બહેનોએ આ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ છે. પરંતુ, જે કાર્યનો સંકલ્પ કર્યો હતો, તેની હું ટીકા કરું છું કારણ કે, 'જૌહર " નો પ્રશ્ન આ કિસ્સામાં બિલ્કુલ ઉપસ્થિત થતો જ નથી. હાલમાં, ભારતમાં લોકશાહી લાગુ છે. એક જમાનામાં રાજપૂતો રાજ કરતા હતા, તેનું કારણ માત્ર હિંમત નહોતી પણ સાથે-સાથે એકતાનું પણ કારણ હતું. તે જમાનામાં રાજપૂતો એકબીજા માટે મરી જવા તૈયાર હતા. જ્યારે આજનાં જમાનામાં ઘણીવાર જોવામાં આવે છે કે, રાજપૂતો નહીં જેવી બાબતોમાં એક બીજાને મારવા તૈયાર થઈ બેસે છે. તો એ સમય આવી ગયો છે કે, આજના લોકશાહીના સમયમાં ગેરવ્યાજબી રીતે નહીં પણ લોકશાહીની રીતે એકતા બતાવી વિરોધ કરવામાં આવે. રાજપૂતોએ માત્ર હિંમત જ નહીં પણ એકતા રાખી બતાવી દેવાનું છે કે, રજપૂતો હજી ભારતમાં જ છે. તેથી સહુ રજપૂતો ભેગા મળી જે કોઈ આવું કૃત્ય કરે કે જે આપણને ન પોસાય. ત્યારે તેને ભેગા મળી ચૂટણીમાં હરાવો. આને જ કહેવાય, લોકશક્તિએ ભેગા મળીને આપેલી લોકશાહીને અનુરૂપ સજા.

કાલાવડમાં પાડોશીઓના ત્રાસથી કંટાળી વૃદ્ધ મહિલાનો આપઘાત

આત્મહત્યા કરવા માટે મજબૂર કરનારા ૧૦ પાડોશીઓ સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આંબેડકર નગરમાં રહેતા એક વૃદ્ધ મહિલાએ પોતાના પાડોશીઓના ત્રાસના કારણે ફીનાઈલ પી લઈ આત્મહત્યા કરી લીધી હતી. જે મામલો પોલીસ મથકમાં લઈ જવાતા વૃદ્ધ મહિલાને આત્મહત્યા કરવા માટે મજબુર કરનાર ૧૦ પાડોશીઓ સામે ગુનો નોંધ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે કાલાવડ ટાઉનમાં આંબેડકર નગરમાં રહેતા રામીબેન ઉગાભાઈ સોંદરવા નામના ૬૦ વર્ષના વૃદ્ધ મહિલાએ ગત ૬ તારીખે પોતાના ઘેર ફીનાઈલ પી લીધું હતું, જેથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેઓએ પોતાના પાડોશીઓના અવારનવારની માથાકુટ અને ત્રાસથી કંટાળી જઈ આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું, ત્યારબાદ રામીબેનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતક રાનીબેનના પુત્ર પ્રફુલભાઈ ઉગાભાઈ સોંદરવાએ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં પોતાના માતાને ત્રાસ આપી મૃત્યુના મુખમાં ધકેલી દેનાર પાડોશીઓ અમુભાઈ ચનાભાઈ સોલંકી, હંસાબેન અમુભાઈ સોલંકી, રેખાબેન અમુભાઈ સોલંકી, ગોવિંદભાઈ સોલંકી, જયાબેન ગોવિંદભાઈ સોલંકી, વિનોદભાઈ અમુભાઈ સોલંકી, સોનલબેન વિનોદભાઈ સોલંકી, કિશોરભાઈ અમુભાઈ સોલંકી, જયોતિબેન કિશોરભાઈ સોલંકી, અને વીરજીભાઈ ડાયાભાઈ સોંદરવા સામે આઈપીસી કલમ ૩૦૬ અને ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે.

ફરીયાદીના પરિવાર અને આરોપીઓના પરિવાર વચ્ચે આશરે દોઢેક વર્ષ પહેલાં ઝઘડો થયો હતો, અને આ બાબતે પોલીસ ફરિયાદ થઈ હતી. જેનું મનદુઃખ રાખીને આરોપીઓ અવારનવાર ફરિયાદી અને તેના પરિવાર સાથે ઝઘડાઓ કરી માથાકૂટ કરીને ત્રાસ આપતા હતા. જે ત્રાસ સહન નહીં થતાં રામીબેને આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

જામનગર, ધ્રોળ અને બેડમાં ત્રણ સ્થળે તસ્કરી

ધ્રોલ અને બેડમાં રહેણાંક મકાન અને દુકાનમાંથી ૫૪૫૦૦ રોકડની ચોરી, તળાવની પાળે યુવાનનો ૬૫ હજારનો મોબાઈલ ચોરાયો

જામનગર : જામનગર જિલ્લામાં તસ્કર રાજ ચાલી રહ્યું છે, અને વધુ ત્રણ સ્થળે ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

જામનગરમાં તળાવની પાળે ફરવા ગયેલા એક યુવાનનો કિંમતી મોબાઈલ ફોન ચોરાયો છે. ધ્રોલમાં એક મકાનને તસ્કરોએ નિશાન બનાવી લઈ ૪૫,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી લઇ ગયા જ્યારે બેડમાં આવેલી દુકાનને નિશાન બનાવી અંદરથી રોકડ રકમની ચોરી કરી તેમજ શહેરના પટેલ કોલોની શેરી નંબર ૧૦ માં રહેતો કેયુર હિમતભાઈ નસીત નામનો યુવાન ગઈકાલે લાખોટા તળાવની પાળે ફરવા માટે ગયો હતો, જે દરમિયાન કોઈ તસકરોએ તેમનો ૬૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જામનગર જિલ્લાના ધ્રોલમાં ખારવા રોડ પર ઉમિયા સોસાયટીમાં રહેતા સંદીપભાઈ ભીમજીભાઇ કાનાણી નામના વેપારીના બંધ રહેણાંક મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને પોતાના કારખાનાના હિસાબની ૪૫ હજારની રોકડ રકમ ડ્રેસિંગ ટેબલ પર રાખી હતી, તે રકમ કોઈ તસ્કર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોળ પોલીસ મથકમાં નોંધાવી છે.

ચોરીનો ત્રીજો બનાવ બેડમાં બન્યો હતો. બેડ ગામના પાટિયા પાસે આવેલી તિરૂપતિ પાન નામની દુકાનના કોઈ તસ્કરોએ શટર ઉચકાવી અંદરથી રૂપિયા સાડા નવ હજારની રોકડ રકમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. જે મામલે સિક્કા પોલીસ તપાસ ચલાવે છે.

સૌરાષ્ટ્ર આજતક

ધોરાજીમાં પુલ ઉપરથી કાર ભાદર નદીમાં ખાબકી: ૪ના મોત : પટેલ સમાજમાં શોક

પરિવારજનો ધાર્મિક પ્રસંગમાંથી પરત આવતા અચાનક ટાયર ફાટતા અકસ્માત સર્જાયો

ધોરાજી,

ધોરાજી પોરબંદર રાજકોટ નેશનલ હાઈવે ભાદર પુલ ઉપરથી કાર નીચે પડતા ચાર ના મોત થયા છે.પોરબંદર રાજકોટ નેશનલ હાઈવે ઉપર ભાદર નદીના પુલ ઉપર અચાનક કાર નું ટાયર ફાટતા કાર ચાલકે કાબૂ ગૂમાવી દેતા કાર ભાદર નદીના પૂલ નીચે નદીમાં પડતા કારમાં બેઠેલા ચાલક અને ત્રણ મહિલા ના મોત થયા હતા પ્રાપ્ત માહિતી મુજબ ધોરાજીના કુંભારવાડા વિસ્તારમાં રહેતા દિનેશભાઈ દામજીભાઈ ઉંમર વર્ષ ૪૬ તેઓ પરિવાર સાથે માંડાસણ ગામ ખાતે ધાર્મિક પ્રસંગમાં ગયા હતા બાદ પરત ફરતા ધોરાજી નજીક પહોંચતા ભાદર પુલ પાસે અચાનક જ ડાયરેક્ટ કારનો ફાટતાં કાબૂ ગૂમાવી બેસતા કાર પલટી મારીને ભાદર નદીમાં ખાબકતા કારની અંદર ચાલક તરીકે દિનેશભાઈ દામજીભાઈ હુંમર પોતે અને તેમના બાજુમાં પત્નીં લીલાવંતીબેન દિનેશભાઈ હુંમર, દીકરી -હારીકા દિનેશભાઈ હુંમર (ઉ.વ.૨૨) અને તેમના સાઢુભાઈના ધર્મપત્નીક સ્વાતીબેન પ્રવિણભાઈ કોયાણી (ઉ.વ.૫૫)ના મોત થતા અરેરાટી વ્યાનપી ગઈ છે. જેઓ ચારે ચાર ભાદર નદીના પાણીમાં ગરકાવ થતા ઘટના સ્થિળે જ મોત થયાની કમ કમાટી ભરી ઘટના ઘટતા તાત્કા લિક ધોરાજી તાલુકા પોલીસને જાણ થતા ઘટના સ્થળે પહોંચી હતી.

મૃતદેહો બહાર કાઢવા માટે માનવ સેવા મંડળના ધર્મેન્દ્રભાઈ બાબરીયા સહીતના સેવાભાવીઓ દોડી ગયા હતા. ૧૦૮ એમ્બુલન્સનમાં તમામને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાથી ધોરાજી સમગ્ર પટેલ સમાજમાં તેમજ ધોરાજીની સેવાકીય સંસ્થા?માં કામ કરતા લોકોમાં શોક છવાઈ ગયો હતો ઉપરોક્ત બનાવ અંગે ધોરાજીના તાલુકા પી.એસ.આઈ વિક્રમસિંહ જેઠવા તથા સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

રાજકોટ મનપા દબાણ શાખાનો સપાટો : મંજુરી વિનાના ૧૦૯૦ બોર્ડ-બેનરો હટાવી ત્રણ લાખનો ચાર્જ વસુલાયો

શહેરના વિવિધ વિસ્તારોમાંથી નડતરરૂપ ૩૯ રેકડી - કેબીનો તથા ૨૪૭ પરચૂરણ ચીજવસ્તુઓ જપ્ત

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૨૮ માર્ચથી ૮ એપ્રિલ દરમ્યાન શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે જેમાં ગુંદાવાડી, જયુબેલી માર્કેટ, બજરંગવાડી, જામનગર રોડ, અશોક ગાર્ડન, બુધવારી, ગાયત્રીનગર મેઈન રોડ, આહીર ચોક મવડી મેઈન રોડ, પુષ્કુરધામ મેઈન રોડ, ભીમનગર મેઈન રોડ, રામાપીર ચોકડી પાસેથી રસ્તાો પર નડતર રૂપ ૩૯ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી,જયામરે જયોતિનગર, નાણાવટી ચોક, પંચાયત ચોક, ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદબંગલા ચોક, ખાદીભવન સામે, અર્ટીકા, રવિરત્ના પાર્ક, માધાપર ચોકડી, જામનગર રોડ, કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિટલ ચોકદ્ફર પરથી જુદીજુદી અન્ય ૨૪૭ પરચુરણ ચીજ વસ્તુાઓ જપ્ત કરવામાં આવેલ.

ઉપરાંત વેસ્ટત ઝોનના પંચાયત ચોક, રામાપીર ચોકડી, પુષ્કચરધામ મેઈન રોડ, માધાપર રિંગ રોડ, લક્ષ્મીનગર નાલા પાસેથી ૯૧૩ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. પુષ્કદરધામ મેઈન રોડ,નાણાવટી ચોક, રૈયા રોડ, નંદનવન, મવડી વિસ્તા ર, મટકી ચોક, સ્વોમીનારાયણ ચોક પરથી?રૂ.૨ લાખનો મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ ફુટ રોડ, અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૧ લાખનો વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોડ હતો. અંબીકા ટાઉનશીપ, કાલાવડ રોડ, યુનિ. રોડ , સ્પિોડવેલ ચોક સુધી, સાધુવાસવાણી રોડ, ઢેબર રોડ, જામનગર રોડ, ટાગોર રોડ, રેસકોર્ષ રિંગરોડ, સંતકબીર રોડ પાસેથી ૧૦૯૦ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે

રાજકોટના ભાવનગર રોડ પર ગંદકી ફેલાવનાર ટી સ્ટોલ - પાન સેન્ટર સીલ

મનપા તંત્રએ વારંવાર સુચના-નોટીસ આપ્યા બાદ કડક કાર્યવાહી

રાજકોટ,

જાહેરમાં ગંદકી કરવા બદલ શહેરના ભાવનગર રોડ પર આવેલ શ્રી શકિત ટી સ્ટોલ અને ગમારા પાન મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સીલ કરવામાં આવી છે. આ અંગે મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ શહેરમાં ભાવનગર રોડ, પટેલ પાન પાસેના શ્રી શક્તિા ટી સ્ટોલ અને ગમારા પાન દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોવાથી અને ગંદકી સબબ ન્યુસંન્સમફેલાવતા હોવાથી જાહેર આરોગ્યરને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, આ બાબતે નોટીસ આપી,વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવેલ. આ ઉપરાંત આ શોપના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વ ચ્છેતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં જાહેર સ્વચ્છતા ન જળવતા સ્થરળ તપાસ કરતાં શોપની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. જેથી તા. ૯ના શ્રી શક્તિ ટી સ્ટોલ અને ગમારા પાન સંચાલકોને નોટીસ આપીને ધી જી. પી. એમ. સી. એક્ટ -૧૯૪૯ની કલમ -૩૭૬ 'એ' હેઠળ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ. જાહેરમાં ગંદકી ફેલાવતાં આસામીઓ તેમજ ધંધાર્થીઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલવા તેમજ તેમાં સુધારો ન જણાતા આવા આસામીઓ, ધંધાર્થીઓ સામે તેની દુકાન, ધંધાનું એકમ સીલ કરવા સુધીના આકરા પગલાં લેવામાં આવશે. જે બાબતે નોંધ લેવા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે.

રાજકોટના માધાપર ગામે ડીવાઈન સોસાયટીમાં રમતા-રમતા પાણીની કુંડીમાં પડી ગયેલી બાળાનું મોત

રાજકોટ,

રાજકોટના માધાપર ગામ પાસે ડીવાઈન સોસાયટીમાં નવા બનતા મકાનની સાઈટમાં રમતા રમતા પાણીની કુંડીમાં પડી જતા એક વર્ષની બાળકીનું મોત નિપજયું હતું.મળતી વિગત મુજબ મુળ મધ્યી પ્રદેશના જાંબુઆ હાલ રાજકોટમાં માધાપર ગામ ડીવાઈન સોસાયટીમાં નવા બનતા મકાનની સાઈટ પર રહેતા પ્રકાશ શીંગાળાની એક વર્ષની પ્રીયાંશી રમતી હતી ત્યાવરે રમતા રમતા પાણી ભરેલી કુંડીમાં પડી જતા બાળકીના માતા-પિતા તથા અન્યં પરિવારજનોએ દોડી જઈ બાળકીને કુંડીમાંથી બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ત્યાં તેનું સારવાર દરમ્યોન મોત નિપજયું હતું. આ બનાવની જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ. એમ. એમ. બારડે તપાસ આદરી છે.

રાજકોટના દારૂ-હત્યાની કોશિષના ગુનામાં ફરાર આરોપી પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનના ખૂનની કોશિષના ગુનામાં અને બી-ડિવીઝનના દારૂના ગુનામાં ફરાર શખ્સને એલસીબી ઝોન-૧ ટીમે પકડી લીધો છે. આ શખ્સવ અગાઉ દારૂ, ફરજમાં રૂકાવટ સહિતના ૧૦ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યોમ છે.

જાણવા મળ્યાન મુજબ સંત કબીર રોડ પર ભગીરથ સોસાયટી-૭માં રહેતાં પ્રતિક દિલીપભાઈ ચંદારાણા વિરૂધ્ધ બી-ડિવીઝન પોલીસમાં ચાર મહિના પહેલા દારૂનો અને આજીડેમ પોલીસમાં ગયા મહિને હત્યાની કોશિષનો ગુનો નોંધાયો હતો. આ બંને ગુનામાં તે ફરાર હતો. દરમિયાન તેને એલસીબી ઝોન-૧ના સત્યજીતસિંહ જાડેજા, રવિરાજભાઈ પટગીર અને દિવ્ય રાજસિંહ જાડેજાની બાતમી પરથી પકડી લઈ તેની પાસેથી બ્રેઝા કાર જીજે૦૩એનએફ-૦૦૬૧ તથા બે મોબાઈલ ફોન કબ્જે લીધા છે.

પ્રતિક વિરૂધ્ધ અગાઉ ડીસીબી, બી ડિવીઝન, આજીડેમ, કુવાડવા રોડ પોલીસ સ્ટેંશનમાં દારૂ, ફરજમાં રૂકાવટ સહિતના દસ ગુનામાં સંડોવાયો હતો. ગયા મહિને તેણે ભાવનગર હાઈવે પર માંડા ડુંગર પાસે સદ્દગુરૂ સોસાયટીમાં રહેતાં અશોકભાઈ ભગાભાઈ ચોહાણ (ઉ.વ.૨૯) પર બીજા બે અજાણ્યા સાથે મળી તમે કેમ અમારા વિરૂધ્ધ પોલીસમાં અરજી કરો છો? તે મ કહી જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં ધોકા ફટકારી ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ અશોકભાઈની બોલેરોમાં તોડફોડ પણ કરી હતી. આ ગુનામાં પ્રતિક ફરાર હતો. તેમજ બી-ડિવીઝનમા ચાર મહિના પહેલા દારૂનો ગુનો નોંધાયો હોઈ તેમાં પણ ફરાર હતો.પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઈ બી. વી. બોરીસાગર, હેડકોનસ. વિજેન્દ્રિસિંહ ઝાલા, મનરૂપગીરી ગોસ્વામી, જીતુભા ઝાલા, ધર્મરાજસિંહ જાડેજા, કોન્સ. હિતેષભાઈ પરમાર સહિતે આ કામગીરી કરી હતી.

રાજકોટ બામણબોર જીઆઈડીસીમાં ફેક્ટકરીમાં આગ: લાખોનું નુકસાન

રાજકોટની બામણબોર જીઆઈડીસીમાં દુર્ગા પ્લામસ્ટિક નામના કારખાનામાં પ્લોટ નંબર ૩૦૪, ૩૦૫માં આગ ભભૂકતા ફાયર બ્રિગેડની ટીમે પહોંચી આગ કાબુમાં લીધી હતી. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી લાગી હતી અને તેના કારણે લાખોનું નુકસાન થયું હતું. ફેક્ટરીમાં પ્લાકસ્ટીકના દાણા બનાવવામાં આવે છે. આગને કારણે ચાલીસેક ફુટનો શેડ પણ બળી ગયો હતો. મધરાતે બે થી ત્રણ વચ્ચે આગ ભભૂકી હતી જે કલાકો બાદ કાબુમાં આવી હતી. રાજકોટ ફાયર બ્રિગેડની ટીમોએ આગને કાબુમાં લેવા ભારે જહેમત ઉઠાવી હતી.

રાજકોટના સંજય વાટિકામાં બંધ મકાનમાં તસ્કરોના પરોણા: રૂપિયા ૧૩.૨૫ લાખની મતા ચોરી ગયા

પરિવાર પુત્રની સગાઈમાં બહારગામ જતાં કબાટના તાળા તોડી રોકડ-દાગીનાની ચોરી

રાજકોટ,

રાજકોટ શહેરમાં ફરી એકવાર તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. આજીડેમ વિસ્તારમાં કારખાનામાં થયેલી લાખોની ચોરીનો ભેદ બે કલાકમાં જ ઉકેલાઈ ગયો હતો ત્યાંએ બીજી તરફ યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સંજય વાટીકા સોસાયટીમાં રહેતાં એક પરિવારના બંધ મકાનને નિશાન બનાવી તસ્ક રો રોકડ-દાગીના મળી રૂા. ૧૩,૨૫,૦૦૦ની માલમત્તા ઉસેડી ગયા છે. એક બુકાનીધારી સહિત બે તસ્ક ર વંડી ટપી બહાર નીકળતાં દેખાયા હોઈ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજીક આવેલી સંજય વાટીકા સોસાયટી-૭ મહાદેવ હાઉસ બ્લોક નં. ૮પમાં ચોરીનો બનાવ બન્યાષની જાણ થતાં પીઆઈ એન. આઈ. રાઠોડ, પીઆઈ સી. એચ. જાદવ, પીએસઆઈ બી. આર. ભરવાડ અને રાજેશભાઈ મિયાત્રા તેમજ ડી. સ્ટાફ, એલસીબી ઝોન-૨ ટીમના પીએસઆઈ આર. એચ. ઝાલા, કાઈમ બ્રાંચનો કાફલો દોડી ગયો હતો. પોલીસે આ બનાવમાં શિતલબેન મનોજભાઈ સાણેથરા (ઉ.વ.૪૬)ની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

શિતલબેન સાણેથરાએ જણાવ્યુંએ હતું કે તા. ૮/૪/૨૪ના સવારે હું ઘરેથી સાતેક વાગ્યેક મારા પતિ તથા પુત્ર શુભમ્ સાથે દિકરા શુભમ્ની સગાઈ કરવા પોરબંદર ગયા હતાં. અમારે ઘરે બીજુ કોઈ ન હોઈ જેથી તાળા મારીને ગયા હતાં. તા. ૯ના રોજ સગાઈ હોવાથી અમે પોરબંદર જેઠ દિનેશભાઈ બાબુભાઈ સાણથરાને ત્યાંત રોકાયા હતાં. સગાઈ પ્રસંગ પુરો કરી નવમીએ રાતે હું અને પતિ મનોજભાઈ રાતે સાડા દસેક વાગ્યેઠ રાજકોટ ઘરે પરત આવ્યા હતાં.સામાન વેરવિખેર મળેલ ઉપરના બે રૂમમાં લાકડાના કબાટમાંથી સોનાનના દાગીના જેમાં ૪ તોલાના હાર, ૩ તોલાની બંગડીઓ, હાથનો પોચો ૪ તોલાનો, ૧ તોલાનો માથાનો ટીકો, સોનાના સાંકળા પાંચ તોલાના, સોનાની લક્કી બે તોલાની, સોનાનુ હાથનુ કડુ તેમજ રોકડા ૬૦ હજાર અને બીજા કબાટમાંથી સોનાના દાગીના કુલ ૩૧ તોલા રૂા. ૧૨,૪૦,૦૦૦ના તથા રોકડા ૮૫ હજાર મળી કુલ રૂા. ૧૩,૨૫,૦૦૦ની માલમત્તા ચોરી ગયાની જાણ થતાં અમે પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં શીતલબેન મનોજભાઈ સાણથરાએ જણાવ્યું હતું.પોલીસે તપાસ કરતાં એક બુકાનીધારી સહિત બે તસ્કર વંડી ટપી બહાર નીકળતાં જોવા મળ્યા હોઈ તેના આધારે તપાસનો ધમધમાટ શરૂ થયો છે

જુનાગઢમાં નશાકારક સીરપના વેંચાણ કરતા ત્રણ ઝડપાયા: પાંચ લાખનો મુદામાલ જપ્ત

જુનાગઢ,

આયુર્વેદિક શીરપના નામે કેફી પીણાનું ઉત્પીદન કરી તેમાં ઈથાયલ આલ્કોહલ તથા આઈશો પ્રોપાઈલ આલ્કોહોલની ભેળશેળ કરી લોકો સાથે વિશ્વાસઘાત કરી તેમજ લોકોના સ્વાસ્થય સાથે ચેડા કરવાના ઈરાદે હર્બલ સીરપના નામે વેચાણ કરતા ત્રણ ઈસમો વિરૂધ્ધા વિશ્વાસઘાત છેતરપીંડીઈ વિશ્વાસઘાતનો ગુન્હો ક્રાઈમ બ્રાંચ જુનાગઢની ટીમે દાખલ કર્યો છે.જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં માગૃદર્શન હેઠળ કામગીરી કરાઈ હતી. જેમાં ૫ લાખના મુદામાલ સાથે મુકેશ ઘનશ્યામભાઈ બજાજ રહે.જુનાગઢ જોષીપુરા, આંબાવાડી, આશીયાના સોસાયટી બ્લોક નં.બી-૨૭, હનુમાન મંદિર પાસે અને આદીલ દાઉદભાઈ મુલ્લા, નાગોરી રહે.જુનાગઢ જુની સીવીલ હોસ્પિટલ હેઠળ ફળીયા, અચુભાઈ ઘોડાગાડી વાળાને મકાને પાસેની ધરપકડ કરી છે. લખધીરસિંહ જાડેજા રહે.ભાવનગર સીદસર રોડ કાળીયાબીડની શોધખોળ હાથ ધરી છે.

આ કામગીરી ક્રાઈમ બ્રાંચના પો.ઈન્સ. જે.જે. પટેલ પો.સ.ઈ.ડી.કે. ઝાલા, પો.હેડ કોન્સ .યશપાલસિંહ જાડેજા, વરજાંગભાઈ બોરીચા વિગેરે પોલીસ સ્ટાફે કરેલ છે.